સુવિચાર
પ્રાર્થનાથી સમભાવ, સદ્‌ભાવ, સત્ય, સદાચાર બની રહે છે. આમ જીવન સોનેરી પ્રભાત બની રહે છે. "પ્રાર્થના માનવનો જીવન પંથ ઉજાળે છે."
:: સૌજન્ય ::
નિલકંઠ જ્વેલર્સ (લાઠીવાળા)
માણેકપરા, અમરેલી.
ફોન : ૦૨૭૯૨-૨૨૩૫૫૭

પાના ૦૮ : કિંમત રૂા. ૩.૦૦
તા. ૨૨/૧૦/૨૦૨૪, મંગળવાર
ફોન : ૨૨૮૪૨૨
www.amreliexpress.com

સત્યમ શિવમ્ સુંદરમ્
AMRELI EXPRESS DAILY

R.N.I.NO.GUJGUJ/2001/11803
Postal Reg.No. AMR/217/2024-26
E-Mail : amreliexpress7@gmail.com

જિલ્લાનાં આમઆદમીનું અખબાર

# અમરેલી એક્સપ્રેસ

અમરેલી, લાઠી, લીલીયા, દામનગર, બાબરા, સાવરકુંડલા, ધારી, ચલાલા, બગસરા, ખાંભા, રાજુલા, જાફરાબાદ, ઉના, કુંકાવાવ, વડિયા, વીજપડી પંથકમાં બહોળો ફેલાવો ધરાવે છે.

તંત્રી,પ્રકાશક,માલિક : મનોજ એચ. રૂપારેલીયા, કાર્યાલય : જીલ્લા મધ્યસ્થ બેન્ક પાછળ, અમરેલી : મુદ્રણ સ્થાન : આજકાલ પ્રિ.પ્રેસ રજપુતપરા, શેલ પેટ્રોલ પંપ પાછળ રાજકોટ ખાતેથી છપાવી અમરેલી એક્સપ્રેસ કાર્યાલયથી પ્રસિધ્ધ કર્યું. : વિક્રમ સંવત ૨૦૮૦ આસો વદ-૬ વર્ષ : ૧૫ અંક : ૨૬૩

ફરસાણ • ખમણ • મીઠાઈ
શિવ ફરસાણ (ધારીવાળા)
નારણ આર્કેડ, ભીડભંજન મહાદેવના મંદિરની સામે, લીલીયા રોડ, અમરેલી.

પથરી - પ્રોસ્ટેટ - કીડનીની તકલીફ ?
ફ્રી નિદાન કેમ્પ...
ફ્રી ઓપરેશન...
નોંધ: હોસ્પિટલમાં સોનોગ્રાફી ફ્રિ કરી આપવામાં આવશે.
જરૂરીયાતમંદ દર્દીઓને દવાઓ ફ્રિ આપવામાં આવશે.
ડો.જય માકડીયા યુરોલોજીસ્ટ
તારીખ : ૨૪-૧૦-૨૦૨૪,ગુરૂવાર
સમય બપોરે ૦૩:૦૦ થી ૦૫:૦૦
Prostate Cancer
કીડની · પ્રોસ્ટેટ · પથરી
નવજીવન જનરલ હોસ્પિટલ
કેરીયા રોડ, નાગરીક બેંકની બાજુમાં,અમરેલી
ફોન નં.(૦૨૭૯૨) ૨૨૨૨૨૩,મો.૯૯૭૮૨ ૯૩૦૦૦

## ખેડૂતોએ લોહી-પાણી એક કરીને તૈયાર કરેલ પાક ધોવાઈ ગયો

# અમરેલી જિલ્લામાં ખેતીપાકોને કરોડો રૂપિયાનું નુકસાન

- બાબરા, ખાંભા, લીલીયા, અમરેલી, કુંકાવાવ સહિત તમામ વિસ્તારોમાં ખેતીપાકોને વ્યાપક નુકસાન
- અતિવૃષ્ટિનાં કારણે દિવાળીનાં સમયે જ લાખો ખેડૂતોની આંખમાં આંસુ આવ્યા
- રાજય અને કેન્દ્ર સરકારે જિલ્લામાં ૧ હજાર કરોડની આર્થિક સહાય કરવી જરૂરી
- ખાતર, બિયારણ, દવા, પાણી અને ખેડૂતોની મહેનત અને સમયની પણ બરબાદી થઈ



તસ્વીર : ભાવિક કલસરિયા-ખાંભા, પંકજ ઈન્દોડીયા-બાબરા

અમરેલી, તા. ૨૧

અમરેલી ઝિલ્લામાં અતિવૃષ્ટિનાં કારણે સમગ્ર જિલ્લામાં તૈયાર રહેલ કપાસ, મગફળી સહિતનાં પાકને કરોડો રૂપિયાનું નુકસાન થયું છે. લોહી-પાણી એક કરીને ખાતર, બિયારણ, દવા, મહેનત અને સમય સાથે તૈયાર કરેલ ખેતીપાકો ધોવાઈ જતાં જિલ્લાનાં હજારો ખેડૂત પરિવારની આંખમાં દિવાળીનાં સમયે આંસુ વહી રહ્યા હોય રાજય અને કેન્દ્ર સરકારે ૧ હજાર કરોડનું આર્થિક પેકેજ જાહેર કરવું જરૂરી બન્યું છે.

**ખાંભા**

અમરેલી જિલ્લામાં ગઈકાલે ભારે વરસાદે તારાજી સર્જી હતી. રવિવારના દિવસે બપોર બાદ સાવરકુંડલા, લાઠી, વડિયા, ધારી, બગસરા, ખાંભા સહિતના ગ્રામ્ય વિસ્તારો મૂશળધાર વરસાદ ખાબકયો હતો. આસો માસમાં અષાઢી જેવો માહોલ અમરેલી જિલ્લામાં છવાયો હતો. ભારે વરસાદને કારણે ખેડૂતોના પાકને વ્યાપક નુકસાન વેઠવા નો વારો આવ્યો છે. ખાંભા શહેર અને ખાંભા ગીરના ગામડાઓમાં ભારે વરસાદ વરસતા ગીરના ગામડાઓ ખેડૂતોની વેદના જાણવાના પ્રયાસો કર્યા હતા. ખેડૂતો આ વર્ષે જિલ્લામાં વધુ કપાસ, મગફળી અને સોયાબીનનું વાવેતર વધુ પ્રમાણમાં કર્યુ છે ત્યારે ખેડૂતો માટે કુદરત થયો હોય તેવી રીતે ખેડૂતોના મોઢે આવેલો કોળીયો કુદરતે છીનવી લીધો છે. ખાંભા ગીર વિસ્તારમાં અવિરત ગઈકાલે વરસાદ હતો તેના કારણે નદીનાળાઓ તો છલકાયા હતા પરંતુ અનેક ખેડૂતોના ખેતર તળાવ માફક બન્યા છે. ખેડૂતોના ખેતરમાં તૈયાર મગફળી, સોયાબીન અને કપાસના પાકને વ્યાપક નુકસાન પહોંચ્યું છે. ખેડૂતોની માંગ છે સરકાર તાત્કાલિક સર્વે કરે અને ખેડૂતોને યોગ્ય સહાય આપે ચોમાસાની શરૂઆતમાં અમરેલી જિલ્લામાં ખૂબ સારો એવો વરસાદ વરસ્યો હતો અને ખેડૂતોએ મોંઘા ભાવના બિયારણ, ખાતર સહિત ખર્ચ કરી વાવણી કરી હતી. ખેડૂતોએ માગ્યો ત્યારે મેઘો વરસ્યો હતો સારી મોલાત અને પાકને જોઈને ખેડૂતોએ આગોતરા આયોજન કર્યા હતા પરંતુ પાછોતરા વરસાદ વરસતા ખેડૂતોના સપના ચુર કુદરતે કરી નાખ્યાં છે. ખાંભા પંથકમાં અનેક ખેડૂતોના ખેતરોમાં પાણીમાં પાક ગરકાવ થઈ ગયો છે મગફળીના પાથરાવો પાણીથી તરબોળ થયા છે, સોયાબીનના પાકને પણ નુકસાન પહોંચ્યું છે. ત્યારે ખેડૂતો

અનુસંધાન પાના ૬ ઉપર

૨૨ કેરેટ હોલમાર્ક દાગીના નો ભાવ
69,900/- (૧૦ ગ્રામ)
રહેલ તા. ૨૧/૧૦/૨૦૨૪ ના રોજ
હોલમાર્ક દાગીનાનો લાઈવ ભાવ જાણવા માટે મિસકોલ કરો
95558 11166
બાલમુકુંદ જ્વેલર્સ પ્રા.લી.
એ-૧૯, ઈન્દીરા માર્કેટ, અમરેલી,
કસ્ટમર કેર નંબર : ૬૩૫૨૪ ૩૧૩૬૬

Krishna DINING HALL
ક્રિષ્ના ડાઈનીંગ હોલ
પહેલો માળ, હિરકબાગ શોપીંગ સેન્ટર, જુના માર્કેટીંગ યાર્ડ સામે, અમરેલી. - ૩૬૫૬૦૧ (ગુજ.)
ફોન નં. ૦૨૭૯૨ - ૨૩૩૪૪૬
હેડ ઓફિસ : ક્રિષ્ના કેટર્સ, કેરીયા રોડ, ભોજલપરા, અમરેલી.
રમેશભાઈ આર. શિંગાળા
૯૮૨૫૫ ૪૬૯૦૨

શું તમને સાંભળવાની તકલીફ છે ?
તો તમારે કાનના મશીનની જરૂરીયાત હોઈ શકે...
- કોઈપણ ઉંમરના વ્યકિતની બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે
- જુના મશીન ઉપર EXCHANGE ઓફરની સુવિધા
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય
કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન
અવતાર સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, જયુબીલી ધર્મશાળા પાસે, સ્ટેશન રોડ, અમરેલી.
મો. ૭૨૬૫૦ ૬૩૩૬૩ સમય : સવારે ૧૦ થી ૨, સાંજે ૫ થી ૮

www.headway.guru
9081241916
SUVARNA SAUBHAGYA UTSAV
અરે... વાહ...
૯,૯૯૯ થી ૯૯,૯૯૯ સુધીના કરોડોના ઈનામો!
હા, સાચું વાંચ્યું.
માત્ર ₹ ૧૦,૦૦૦ ના ઘરેણાંની ખરીદી પર કરોડોના ઈનામો.
તો રાહ કોની જુવો છો, ખરીદો ઘરેણાં અને ચમકાવો નસીબ.
ઓફર ૦૭ સપ્ટેમ્બર ૨૦૨૪ થી ૨૫ ડિસેમ્બર ૨૦૨૪ સુધી જ લાગુ.
મધુવન ગોલ્ડ આર્ટ
જુની બજાર, પાણી દરવાજા રોડ, અમરેલી.
02792 - 222208, 94264 23006
madhuvangold.in

નારી વુમન્સ & ચિલ્ડ્રન હોસ્પિટલ & એન્ડોસ્કોપી સેન્ટર
દુરબીનથી થતા ગર્ભાશય અને અંડાશયની ગાંઠના ઓપરેશનની સેવાઓ ઉપલબ્ધ...
ડૉ. ચિરાગ વી. કુબાવત (M.B.D.G.O.) (સ્ત્રીરોગ નિષ્ણાંત)
Diploma in Gynec Endoscopy (FRANCE)
ઉપલબ્ધ સુવિધાઓ :- નોર્મલ/જોખમી સિઝેરીયન ડીલીવરી, પેઈનલેસ (પીડા રહીત ડીલીવરી) 3D/4D કલર ડોપ્લર/ખોડખાપણની સોનોગ્રાફી, ટાંકાવાળુ, ટાંકાવગરનું તથા દુરબીનથી થતા ગર્ભાશયના ઓપરેશન, વંધ્યત્વની વૈજ્ઞાનિક/આધુનિક સારવાર/IUI = ૨૪ કલાક કાર્યરત, લીફ્ટ, લેબોરેટરી, એમ્બ્યુલન્સની સુવિધા
ડૉ. ઉપાસના સી. કુબાવત (M.B.D.C.H.) (નવજાત શિશુ તથા બાળરોગ નિષ્ણાંત)
ઉપલબ્ધ સુવિધાઓ :- રસીકરણ કેન્દ્ર, નવજાત શિશુ દાખલ કરવા અદ્યતન NICU, આહાર સબંધીત સમસ્યાઓ, કુપોષણવાળા બાળકોની સર્વાંગી તપાસ/સારવાર, જન્મથી ૧૭ વર્ષ સુધીના બાળકોની તપાસ/સારવાર
ઓપીડી સમય : સોમ-શનિ, સવારે ૯ થી ૨, સાંજે ૫ થી ૮
જુના પાંચ માળીયાની બાજુમાં, વિજય આર્ટસની સામે, માણેકપરા, અમરેલી.
(02792) 221324

### જિલ્લાભરનાં સત્તાધારી અને વિપક્ષનાં આગેવાનોની વ્યાપક માંગ


# અમરેલી જિલ્લાને આર્થિક સહાય જાહેર કરવા પ્રબળ માંગ

યુવા નેતા, જિલ્લા પંચાયતનાં સદસ્ય, ધારાસભ્ય અને પૂર્વ સાંસદ સહિત સૌએ મુખ્યમંત્રીને પત્ર પાઠવ્યો

કૃષિક્ષેત્રમાં નુકસાની એટલે જિલ્લાનાં સમગ્ર અર્થતંત્રને નુકસાન તે જ માનવું રહ્યું

જિલ્લામાં સૌથી વધુ રોજગાર કૃષિ ક્ષેત્ર સાથે જોડાયેલ હોવાથી વેપારી જગત પણ ચિંતામાં

ખેતીમાં નુકસાન જતાં જિલ્લાનાં ૫૦૦થી વધુ ગામોમાં ભયાનકપણે ચિંતાનો માહોલ


અમરેલી, તા. ૨૧

અમરેલી જિલ્લામાં અતિવૃષ્ટિનાં કારણે ખેતીપાકોને કરોડો રૂપિયાનું નુકસાન થયું હોય યુધ્ધનાં ધોરણે સર્વે કરીને ખેડૂતોને આર્થિક સહાય કરવાની માંગ ભાજપનાં યુવા નેતાથી લઈને જિલ્લા પંચાયતનાં સદસ્ય, ધારાસભ્ય અને પૂર્વ સાંસદ તેમજ કોંગ્રેસનાં આગેવાનોએ પણ મુખ્યમંત્રીને પત્ર પાઠવેલ છે.

ધારાસભ્ય હીરાભાઈ સોલંકી, પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, યુવા નેતા મનિષ સંઘાણી, જિલ્લા પંચાયતનાં સદસ્ય વિપુલ દુધાત અને રમીલાબેન ધોરાજિયા તેમજ કુંકાવાવનાં કોંગી નેતા મનસુખભાઈ ગોંડલીયાએ મુખ્યમંત્રીને પાઠવીને આર્થિક સહાય જાહેર કરવા માંગ કરેલ છે.

### ખેતીપાકોમાં સતત નુકસાન થઈ રહ્યું છે

## હે રામ : બગસરા પંથકમાં સતત ત્રીજા દિવસે વરસાદથી ખેડૂતોની ચિંતામાં વધારો

મુંજીયાસર જળાશય પુનઃ ઓવરફલો થયો




તસ્વીર : સમીર વિરાણી–બગસરા

બગસરા, તા. ૨૧

બગસરા પંથકના મોટા મુંજીયાસર, નાના મુંજીયાસર, માણેકવાડારફાળા, સાપર, સુડાવડ જેવા ગામોમાં વરસાદ પડતા ખેડૂતો હેરાન પરેશાન થઈ ગયા છે. જયારે ખેડૂતોના પાકો પણ હવે પાણીમાં તણાય ગયા તેમજ પાણીમાં ગરકાવ થઈ ગયા છે.

વરસાદ શરૂ થતાં ખેડૂતોમાં ચિંતા અને ખેતીમાં વ્યાપક નુકસાન, મગફળી, કપાસ સોયાબીનમાં જોરદાર નુકસાન જોવા મળી રહેલ છે. વરસાદ પડતાં જગતનો તાત કુદરત પાસે પ્રાર્થના કરવા લાગીયા કે હવે ખમૈયા કરો થોડું ઘણું કયાંક ખેતરોમાં વધ્યું છે તે હવે રહે તેવી પ્રાર્થના કરતાં પણ જોવા મળિયા છે. જયારે હાલમાં બગસરા પંથકમાં ૧૨૦૦ મિલિ મીટર જેટલો વરસાદ નોંધાઈ ચુકયો છે અને મુંજીયાસર ડેમ ઓવરફલો થઈ ચૂકેલ છે.

### જળાશયો, તળાવોમાં પાણી છલોછલ થાય તો પણ ઉપાધિ

## અમરેલી શહેરની મધ્યમાં આવેલ કામનાથ જળાશયનાં પાણીમાં ડૂબી જવાથી મેહુલ સોલંકીનું મોત

ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમે મૃતદેહ બહાર લાવી પીએમ અર્થે મોકલ્યો




અમરેલી, તા. ૨૧

ચાલું વર્ષે ચોમાસામાં અનરાધાર વરસાદ પડવાના કારણે અમરેલી શહેરની મધ્યમાં આવેલા કામનાથ મહાદેવના મંદિર પાસેના કામનાથ ડેમ નદી વિસ્તારમાં કોઈ અજાણ્યા વ્યક્તિ ડૂબી ગયેલ હોવાની જાણ અમરેલી ફાયર કંટ્રોલરૂમમાં થતા ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ ફાયર ઓફિસર એસ.સી. ગઢવીની આગેવાની હેઠળ તાત્કાલિક ધોરણે ઘટના સ્થળ પર પહોંચી હતી.

ફાયર એન્ડ ઈમરજન્સી સર્વિસની ટીમ દ્વારા માત્ર ૨૦ મિનિટમાં આ કામનાથ સરોવરમાંથી આ અજાણ્યા ઈસમના મૃતદેહ શોધી કાઢી પાણીમાંથી બહાર લાવી અને પી.એમ. અર્થે સ્થાનિક પોલીસને સોંપવામાં આવેલ હતો. આ બનાવમાં પ્રાથમિક તપાસ કરતા મૃત્ય પામનાર વ્યકિત મેહુલભાઈ નટુભાઈ સોલંકી હોવાનું જાણવા મળેલ છે.

આ કામગીરીમાં ફાયર વિભાગના સવજીભાઈ ડાભી, કૃષ્ણભાઈ ઓળકિયા, ભુરીયા જગદીશ, પ્રવીણભાઈ ચૌહાણ વગેરે જોડાયા હતાં.

### છેલ્લા એક દાયકાથી આશ્વાસન સિવાય કશુ મળતું નથી

## સાવરકુંડલાનાં મધ્યમાંથી પસાર થતી નાવલી નદીમાંથી ગંદકી હટાવવાની કામગીરી કરવાની કોઈને ઉતાવળ નથી

નગરસેવકથી લઈને સાંસદ પણ બદલી ગયા નાવલીની હાલત સુધરતી નથી




સાવરકુંડલા, તા. ૨૧

સાવરકુંડલા શહેરની મધ્યમાંથી પસાર થતી નાવલી નદીમાં હજુ પણ ગંદકીનું ઘણું પ્રમાણ જોવા મળે છે. હાલ ગ્લોબલ વોર્મિંગની અસરને કારણે પણ વાતાવરણમાં અણધાર્યા પરિવર્તનો જોવા મળે છે. એ વેળાએ આ નાવલી નદીની ગંદકી લોકોના આરોગ્ય પર ગંભીર ખતરો ઉભો કરી શકે છે. શહેરમાં મહાપ્રભુજી બેઠકજીથી લઈને છેક શાકમાર્કેટ સુધી ચારે તરફ નાવલી નદીમાં ગંદકીનું પ્રમાણ જોવા મળે છે. સાવરકુંડલા નગરપાલિકા દ્વારા આજસુધી આ નાવલી સફાઈ માટે લાખો રૂપિયા ખર્ચ કરવામાં આવેલ છે પરંતુ નાવલી હજુ પણ સંપૂર્ણ શુધ્ધ નથી થઈ. લોકો પણ હવે આ વર્ષોથી ગંદી નાવલી કયારે સંપૂર્ણ સ્વચ્છ થશે એની કાગડોળે રાહ જોઈ રહ્યા છે. દિવાળી પછી નાવલી નદીની સુરતમાં પરિવર્તન આવે એવી શકયતા જોવાઈ રહી છે. જો કે આ નાવલી નદીને સ્વચ્છ કરવા માટે પણ ઘણાં પડકારોનો સામનો કરવો પડશે. જો કે સમયની ગર્તામાં શું હશે એ તો રામ જાણે. ઈચ્છીએ કે વહેલી તકે નાવલી ખરા અર્થમાં નવલ ગંગામાં પરિવર્તિત થાય.

''અમરેલી એક્સપ્રેસ''
અમરેલી શહેરમાં આપને ''અમરેલી એક્સપ્રેસ'' દૈનિક અનિયમિત મળતું હોય તો તુરંત જ સંપર્ક કરો.
સુમીત ચંદારાણા મો. ૮૭૩૫૦ ૧૨૭૨૭

### પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકરમાં અધ્યક્ષ સ્થાને

## બાબરામાં નગરપાલિકાની મળેલ સામાન્ય સભા તમામ બીલો સર્વાનુમતે પસાર

બેઠકમાં વિકાસના કામોનું આયોજન કરાયું

બાબરા, તા. ૨૧

બાબરા નગરપાલિકામાં પાલિકા પ્રમુખ પ્રવિણભાઈ કરકરના અધ્યક્ષ સ્થાને સામાન્ય સભા મળી હતી જેમાં ઉપ પ્રમુખ અંકુરભાઈ જસાણી, કારોબારી સમિતિના ચેરમેન અશ્વિનભાઈ મકવાણાં, લલિતભાઈ આંબલિયા, ભુપતભાઈ બસિયા, સહિતના પાલિકાના સભ્યો ઉપસ્થિત રહી પાલિકા ખર્ચ આવક જાવકના તમામ હિસાબો બિલ સર્વાનુમતે મતે પસાર કરવામાં આવ્યા હતાં.

આગામી મહિનાઓ માટે વિકાસના વિવિધ કામો શહેરમાં પૂર્ણ સ્વચ્છતા અભિયાન રોડ રસ્તાઓ, યુરિનલ ટોયલેટ બ્લોગ સહિતના કામો કરવામાં આવશે.

દિવાળી તહેવારને અનુલક્ષીને સ્વચ્છતા અભિયાન વિશેષ રૂપથી કરવામાં માટે આગવું આયોજન કરવામાં આવશે.

### નાયબ દંડક કૌશિક વેકરિયાની જહેમતથી

## અમરેલી અને કુંકાવાવ તાલુકામાં ફલડ પ્રોટેક્શન વોલ માટે રૂપિયા ૧.૩૫ કરોડ મંજુર થયા

સમગ્ર પંથકનાં ગ્રામ્ય વિસ્તારોમાં રાહતની લાગણી

અમરેલી, તા. ૨૧

ગુજરાત વિધાનસભાના નાયબ મુખ્ય દંડક અને અમરેલી વિધાનસભાના ધારાસભ્ય કૌશિક વેકરિયા રાજય સરકારને જીલ્લા સર્વાંગીણ વિકાસ માટેની રજૂઆતો સતત ભારપૂર્વક કરતા આવ્યા છે. જે અન્વયે નર્મદા, જળ સંપતિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ હેઠળના વિવિધ ચાર કામોની મંજુરી મળતા ટૂંક સમયમાં જ આ કામો શરૂ કરવામાં આવનાર છે.

જેમાં અમરેલી તાલુકાના વડેરા ગામે રોકડીયા હનુમાન મંદિર પાસે ફલડ પ્રોટેકશન વોલના કંસ્ટ્રકશન કામ માટે રૂપિયા ૨૬.૪૨ લાખ મંજૂર કરવામાં આવેલ છે. અમરેલી તાલુકાનાં દહિડા ખાતે પણ ફલડ પ્રોટેકશન વોલના કંસ્ટ્રકશન કામ માટે રૂપિયા ૩૧.૧૫ લાખ જેવી રકમ મંજૂર કરવામાં આવી છે. એ જ રીતે કુંકાવાવ તાલુકાનાં નાની કુંકવાવ ખાતે ફલડ પ્રોટેકશન વોલના કંસ્ટ્રકશન કામ માટે રૂપિયા ૪૫.૫૮ લાખની રકમ તથા કુંકાવાવના દેવગામ પાસે ફલડ પ્રોટેકશન વોલના કંસ્ટ્રકશન કામ માટે રૂપિયા ૩૧.૫૦ લાખની રકમના કામની સૌધાંતિક મંજૂરી મળતાં કુલ રૂપિયા ૧ કરોડ ૩૫ લાખ જેવી રકમના વિકાસકાર્યોની જનતાને ભેટ મળશે.

આમ ઉપર મુજબના ગામોને સ્પર્શતા કામો મંજૂર થવાની આગામી દિવસોમાં આ કામો ત્વરિત હાથ ધરી પૂર્ણ કરવામાં આવશે. એમ કૌશિક વેકરિયાની અખબારી યાદીમાં જણાવવામાં આવે છે.

## અમરેલીનાં જૈન દેરાસર વિસ્તારમાં જુગાર રમતાં ૭ પત્તાપ્રેમી વિરૂધ્ધ કાર્યવાહી



અમરેલી, તા. ૨૧

અમરેલી સીટી પોલીસ ટીમ દ્વારા હ્યુમન સોર્સની મદદથી ચોક્કસ બાતમી આધારે અમરેલીના જૈન દેરાસર વિસ્તારમાંથી જાહેરમાં પૈસા પાનાથી હારજીતનો જુગાર રમતા અમરેલીના તનવીરભાઈ ઉર્ફે કબુતર અમીનભાઈ બીલખીયા, ફરજુકભાઈ અસ્લમભાઈ અગવાન, ફેજલભાઈ યુસુફભાઈ રઈસ, સરફરાજભાઈ ઈકબાલભાઈ શેખ, મુનીરખાન અબ્દુલખાન યુસુફજી પઠાણ, અસરફભાઈ કાસમભાઈ કુરેશી તથા એક કાયદાના સંઘર્ષમાં આવેલ બાળ કિશોર સહિત સાત ઈસમોને રોકડા રૂા. ૧૦,૭૦૦ના મુદ્દામાલ સાથે પકડી પાડી મજકુર ઈસમો વિરૂધ્ધમાં જુગાર ધારા કલમ–૧૨ મુજબ ધોરણસરની કાર્યવાહી કરી જુગારનો ગણનાપાત્ર કેસ કરવામાં આવેલ છે.

### કોઈ અગમ્ય કારણોસર પોતાની મેળે

# ખાંભાનાં ધાતરવડી નદીનાં પુલ નજીક ૩૫ વર્ષિય યુવકે ઝેર પી અંતિમવાટ પકડી

### જુના ગામ વિસ્તારમાં અરેરાટીનો માહોલ

અમરેલી, તા. ૨૧

ખાંભાના જુનુગામ વિસ્તારમાં રહેતા જગદીશભાઈ મોહનભાઈ ધમલ નામનાં ૩૫ વર્ષિય યુવકે ગત તા. ૧૯ ના સાંજના આશરે સાડા છએક વાગ્યે ખાંભા ધાતરવડી નદીના પુલ પાસે કોઈ અગમ્ય કારણાસર પોતે પોતાની મેળે ઝેરી દવા પી લેતા સારવાર દરમ્યાન મરણ ગયાનું પોલીસમાં જાહેર થવા પામેલ છે.

### એસપીની સુચનાથી ક્રાઈમ બ્રાન્ચની કામગીરી

# સાવરકુંડલામાં રહેણાંક મકાનમાંથી વિદેશી દારૂની બોટલ ઝડપી લેવાઈ

### એક આરોપીની અટકાયત અન્ય ૨ ની શોધખોળ

અમરેલી, તા. ૨૧

અમરેલી એલ.સી.બી. પોલીસ ઈન્સ. એ.એમ. પટેલની રાહબરી હેઠળ એલ.સી.બી. ટીમ સાવરકુંડલા ટાઉન વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બાતમી હકીકત આધારે રેઈડ દરમિયાન શીલ્પેશ બાબુભાઈ વાળા, (રહે. કાપેલ ધાર, સાવરકુંડલા)ના રહેણાંક મકાનમાંથી ભારતીય બનાવટના વિદેશી દારૂની બોટલોની સાથે તેમને પકડી પાડી તથા પ્રતિક ઉર્ફે મોરલી કાળુભાઈ આંબલીયા, રહે. દેવળા ગેઈટ પાસે, સાવરકુંડલા તથા સાગર ચતુરભાઈ સરૈયા, (રહે. ધજડી, તા. સાવરકુંડલા) બે ઈસમો હાજર મળી આવેલ ન હોય. ત્રણેય આરોપીઓ



વિરૂધ્ધ ધોરણસર કાર્યવાહી કરી પકડાયેલ આરોપી તથા મુદ્દામાલ સાવરકુંડલા ટાઉન પોલીસ સ્ટેશનમાં સોંપી આપેલ છે.

### બાકર બચ્ચા લાખે બિચારા લેકિન સિંહ બચ્ચા એકે હજારા

# લ્યો બોલો : ધારીનાં ખીચા ગામે માતાથી વિખૂટા પટેલ ૨ બાળસિંહે વનકર્મીઓને પણ ડરાવવાનો પ્રયાસ કર્યો

### જો કે અંતમાં વનકર્મીઓએ બાળસિંહોનું માતા સાથે મિલન કરાવ્યું



અમરેલી, તા. ૨૧

આપણાં ગુજરાતીમાં એક કહેવત છે કે બાકર બચ્ચા લાખે બિચારા લેકિન સિંહ બચ્ચા એકે હજારા આવો ઘાટ આજે ધારી નજીક આવેલ ખીચા ગામે બનવા પામેલ છે. જેમાં ત્રણ બચ્ચા સાથે સિંહણ ખીચા ગામે શિકારની શોધમાં આવી ચડી હતી. ત્યારે બે સિંહબાળ પોતાની માતાથી વિખુટા પડી જતાં આ ત્રણ માસના સિંહબાળએ ખીચા ગામની શેરીઓમાં હડિયાપટી કરી અને ગામ માથે લેતાં આ બનવાની જાણ વન વિભાગને કરાતા વનવિભાગ ઘટના સ્થળે પહોંચી આ બંને સિંહ બાળને તેમની માતા સાથે મિલન કરાવવા રેસ્કયુ હાથ ધરતાં આ સિંહબાળે વનવિભાગના કર્મીઓને પણ ડરાવવાના પ્રયાસો કર્યા હતાં. આખરે વનવિભાગે સિંહબાળને પાંજરામાં કેદ કરી અને માતા સિંહણ સાથે મિલન કરાવ્યું હતું.

આ બનાવમાં જાણવા મળતી વિગત આજે ધારી નજીક કેટલાંક સિંહ પરિવાર વસવાટ કરતાં હોય અને આ સિંહ પરિવાર છાશવારે જાહેર માર્ગો ઉપર જોવા મળે છે. ત્યારે ધારી નજીક આવેલ ખીચા ગામે એક સિંહણ પોતાના ત્રણ બચ્ચા સાથે શિકારની શોધમાં આવી ચડી હતી. બાદમાં આ સિંહણ એક બચ્ચા સાથે પરત ફરી ગઈ હતી. ત્યારે બે સિંહબાળ ખીચા ગામે પોતાની માતાથી વિખુટા પડી જતાં આ ત્રણ માસના સિંહબાળે ખીચા ગામની શેરીઓમાં હડિયાપટી કરી અને ગામ માથે લેતાં આ બનવાની જાણ વન વિભાગને કરાતા વનવિભાગ ઘટના સ્થળે પહોંચી આ બંને સિંહ બાળને તેમની માતા સાથે મિલન કરાવવા રેસ્કયુ હાથ ધરતાં આ સિંહબાળે વનવિભાગના કર્મીઓને પણ ડરાવવાના પ્રયાસો કર્યા હતાં. આખરે વનવિભાગે બંને સિંહબાળને પાંજરામાં કેદ કરી અને માતા સિંહણ સાથે મિલન કરાવ્યું હતું અને ત્રણેય સિંહબાળ સાથે સિંહણ જંગલ તરફ નીકળી ગઈ હતી.

### શિક્ષણ સંકુલનાં મેનેજમેન્ટને લઈને વિવાદ

# રાજુલાનાં કાન્હા વિશ્વ વિદ્યાલયનાં વહીવટને લઈને સામસામી ફરિયાદ નોંધાઈ

### પોલીસે બંને પક્ષોની ફરિયાદ નોંધી તપાસ આદરી

અમરેલી, તા. ૨૧

રાજુલાના જાફરાબાદ રોડ ઉપર આવેલ શુભમ નગરમાં રહેતા પરેશકુમાર ધીરજલાલ જોષી કાન્હા વિ વિદ્યાલયના મેનેજીંગ ટ્રસ્ટી હોય અને કાન્હા વિ વિદ્યાલય શાળાના ટ્રસ્ટી હરસુરભાઈ નાજાભાઈ પીંજર હતાં. હરસુરભાઈ પીંજર સને ૨૦૨૧ માં મરણ ગયેલ હોય તેઓ હયાત હતા તે વખતે તેઓએ રાજુલા તાલુકાના હડમતીયા ગામે રહેતા આરોપી ગભરૂભાઈ નાજાભાઈ પીંજરને શાળાનો કોઈ વહિવટ સોંપેલ ન હોય અને આ શાળાનું તમામ સંચાલન પરેશકુમાર ધીરજલાલ જોષી કરતા હોય. જે વાત આરોપીને ગમતી ન હોય જેથી ગત તા. ૨૨/૭/૨૪ ના રોજ ઘનશ્યામભાઈ હમીરભાઈ પીંજર, એક અજાણ્યો માણસ તથા કાન્હા વિ વિદ્યાલય શાળામાં મેનેજિંગ ટ્રસ્ટીને કહ્યા વગર કાન્હા વિ વિદ્યાલય શાળાના કબાટમાંથી જરૂરી અસલ દસ્તાવેજો જેમા સ્કુલ ટ્રસ્ટની અસલ એજન્ડા બુક, ટ્રસ્ટની ઓરીજનલ ઠરાવ બુક, ટ્રસ્ટની જુની ઓરીજનલ ટ્રસ્ટ ડીડ, સને ૨૦૧૮ થી ૨૦૨૪ સુધીની તમામ વિદ્યાર્થીની ફી રસીદ તથા પહોંચ બુક તથા સ્કુલ ખર્ચના અસલ વાઉચર વિગેરે શાળામાંથી દસ્તાવેજોની ચોરી કરી લઈ જઈ આરોપી નાજાભાઈ ભાયાભાઈ પીંજરે ગત તા. ૧૪/૮/૨૪ ના રોજ મેનેજિંગ ટ્રસ્ટીને જેમ ફાવે તેમ ગાળો આપ્યાની પોલીસમાં ફરિયાદ નોંધાઈ છે.

તો આ જ બનાવમાં રાજુલા તાલુકાના હડમતીયા ગામે રહેતા અને કાન્હા વિ વિદ્યાલયમાં ટ્રસ્ટી તરીકે કામ કરતાં ગભરૂભાઈ નાજાભાઈ પીંજરે પણ સામાવાળા પરેશભાઈ ધીરજલાલ જોષી, રૂપલબેન પી. જોષી તથા શ્યામ આર. રાવલ (રહે. સાવરકુંડલા) ત્રણેય આરોપીઓ શ્રી મારૂતી એજયુકેશન ટ્રસ્ટમાં ટ્રસ્ટીઓ હોય અને આ ટ્રસ્ટ હેઠળ કાન્હા વિ વિદ્યાલય રાજુલા કાર્યરત હોય અને બાદ આ ટ્રસ્ટના ટ્રસ્ટી હરસુરભાઈ પીંજર સને ૨૦૨૧ માં મરણ ગયેલ હોય અને બાદથી આ ત્રણેય આરોપીઓ કાન્હા વિ વિદ્યાલય શાળાનો તમામ વહીવટ કરતા હોય અને બાદ આરોપીઓએ આ ટ્રસ્ટમાં ગભરૂભાઈ તથા નાજાભાઈ પીંજર તથા ટ્રસ્ટી ભાણાભાઈ વાઘને કોઈ પણ પ્રકારની જાણ કર્યા વગર ટ્રસ્ટની એજન્ડા બુકમાં ત્રણેય જણાની ખોટી સહીઓ કરી તેનો ખરા તરીકે ઉપયોગ કરી ટ્રસ્ટમાં ટ્રસ્ટી તરીકે બે આરોપીના નામો ઉમેરી દઈ તેમજ કાન્હા વિ વિદ્યાલયમાં આરટીઈ રાઈટ ટુ એજયુકેશન અંતર્ગત આવતા નાણા આરોપીઓએ તાલુકા શિક્ષણ અધિકારી રાજુલાની કચેરી ખાતે ત્રણેય ટ્રસ્ટીઓની ખોટી સહીઓવાળુ લેટર પેડ ખરા તરીકે રજુ કરી આર.ટી.ઈ. ના કૂલ રૂપિયા ૯,૫૬,૮૧૦ પોતાના અંગત દેના બેંકના એકાઉન્ટમાં જમા કરાવી વિસઘાત અને છેતરપીંડી કરી ઠગાઈ કરવાના હેતુથી ખોટા દસ્તાવેજ બનાવ્યાની સામી ફરિયાદ નોંધાઈ છે.


### બનાવટી દૂધ બનાવવાનાં ધંધાનો પર્દાફાશ કરતી એસઓજી

# ખાંભાનાં આશ્રમપરા વિસ્તારમાં બનાવટી દૂધનું ઉત્પાદન કરીને વેચાણ કરનાર ઈસમની અટકાયત

### બનાવટી દૂધની ૩૫૦ થેલીઓ કબ્જે કરવામાં આવી

અમરેલી, તા. ૨૧

ખાંભામાંથી લાયસન્સ વિના 'ગ્વાલા દૂધ' નામેથી વેચાતા એસીડ વે પાઉડરથી ભેળસેળયુકત દૂધના જથ્થા



તથા પેકીંગ કરવાના તથા બનાવટી તારીખના લેબલ પ્રિન્ટ કરવાના અલગ અલગ મશીન તથા અન્ય સાધનો મળી કિંમત રૂપિયા ૨,૨૧,૮૫૦ના મુદ્દામાલ સાથે બનાવટી દૂધની ફેકટરી અમરેલી એસ.ઓ.જી. ટીમે ઝડપી લીધેલ છે.

વિગત એવા પ્રકારની છે કે, એસ.ઓ.જી. પોલીસ ઈન્સ્પેકટર આર.ડી. ચૌધરી તથા એસ.ઓ.જી. પોલીસ સબ ઈન્સ્પેકટર એન.બી. ભટ્ટ તથા એસ.ઓ.જી. ટીમ અમરેલી જિલ્લામાં આવા બનાવટી દૂધ બનાવનાર ઈસમોની માહિતી મેળવી અને તેઓ વિરૂધ્ધ કડક કાર્યવાહી કરવા સતત પ્રયત્નશીલ રહેલ હોય. જે અન્વયે એસ.ઓ.જી. ટીમ ખાંભા પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલીંગમાં હોય તે દરમિયાન ખાનગી બાતમીરાહે હકિકત મળેલ કે ખાંભા ટાઉન ખાતે આશ્રમપરા મીતીયાળા રોડ ઉપર જવાના રસ્તે ગુણવંતભાઈ શામજીભાઈ કળસરીયા, (રહે. ખાંભા) નામના ઈસમ બનાવટી દૂધનુ ઉત્પાદન કરી તેનુ વેચાણ કરતા હોવાની બાતમી મળતા સદરહ બાતમી વાળી જગ્યાએ એસ.ઓ.જી. પોલીસ સ્ટાફ તથા ફૂડ એન્ડ ડ્રગ્સ સેફટી અધિકારીની રૂબરૂમાં રેઈડ કરતા ગ્વાલા દૂધ નામની બનાવટી દૂધનુ પેકીંગ કરેલ પ્લાસ્ટીકની થેલીઓ નંગ-૩૫૦, બનાવટી દૂધનુ પેકીંગ કરવાના મશીન તથા અન્ય સાધનો મળી કુલ કિંમત રૂપિયા ૨,૨૧,૮૫૦ ના મુદ્દામાલ સાથે મળી આવેલ ઈસમ વિરૂધ્ધ ખાંભા પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધી ધોરણસર કાર્યવાહી હાથ ધરેલ છે.





વેચવાની છે
સેવરોલેટ એન્જોય મોડલ-૨૦૧૩ (૮-સીટર) ટીપટોપ કન્ડીશન, ફુલ વિમો, ચાર નવા ટાયર, કમ્પલીટ ગાડી, મોટા ફેમીલી માટે અથવા ભાડામાં ચાલે તેવી ગાડી તાત્કાલીક વેચવાની છે.
સંપર્ક કરો મો. ૯૬૩૮૫ ૩૦૪૫૦

ભારતમાં સૌથી સારો મેડીકલેઈમ
મેડીકલેઈમ લેતી વખતે જો તમોને
(૧) ડાયાબીટીસ (૨) હાયપર ટેન્શન (B.P.) (૩) અસ્થમા (૪) કોલેસ્ટ્રોલ
જેવી ઉપરની ચાર બીમારી હોય તો તમો અમારો સંપર્ક કરો કારણ કે આ ચારેય બીમારીઓમાં પણ અમારા મેડીકલેઈમમાં ફકત-૩૦ દિવસ પછી સારવારનો ખર્ચ મળશે.
કેશલેશની સગવડ
સંપર્ક : પાર્થ ઇન્વેસ્ટમેન્ટ
જય કોમ્પ્લેક્ષ, ગાંધીબાગ પાસે, અમરેલી.
અશ્વિનભાઇ પંડયા મો. ૯૪૨૬૯ ૬૩૬૧૧ | પાર્થ પંડયા મો. ૮૪૬૦૫ ૫૦૬૬૦


















### રોકાણકારોના ૫ લાખ કરોડ રૂપિયા ડૂબી ગયા

# મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં વેચવાલીથી શેર બજારમાં હાહાકાર

## સેન્સેક્સ ૭૩ પોઈન્ટ ઘટીને ૮૧,૧૫૧ પર અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ ૭૩ પોઈન્ટ ઘટીને ૨૪,૭૮૧ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો

મુંબઈ, તા.૨૧

મિડકેપ અને સ્મોલકેપ શેરોમાં ઘટાડાની સુનામીને કારણે, આ શેરો સોમવારના ટ્રેડિંગ સેશનમાં શોકમાં હતા. નિફ્ટીનો મિડકેપ ઈન્ડેક્સ દિવસની સર્વોચ્ચ સપાટીથી ૧૩૫૦ પોઈન્ટ ઘટ્યો હતો, જ્યારે નિફ્ટીના સ્મોલ કેપ ઈન્ડેક્સમાં ૪૧૫ પોઈન્ટનો ઘટાડો જોવા મળ્યો હતો. બજાર બંધ થતાં મિડકેપ ઈન્ડેક્સ ૧૦૦૦ પોઈન્ટ અને સ્મોલકેપ ઈન્ડેક્સ ૩૦૦ પોઈન્ટ તૂટ્યો હતો. જોકે, સેન્સેક્સ-નિફ્ટીમાં ઘટાડો એટલો મોટો નહોતો. સેન્સેક્સ ૭૩ પોઈન્ટ ઘટીને ૮૧,૧૫૧ પર અને નેશનલ સ્ટોક એક્સચેન્જનો નિફ્ટી પણ ૭૩ પોઈન્ટ ઘટીને ૨૪,૭૮૧ પોઈન્ટની સપાટીએ બંધ રહ્યો હતો.FMCG અને IT શેરોમાં વેચવાલીથી માર્કેટમાં આ મોટો ઘટાડો થયો છે. ઘટતા શેરોમાં કોફોર્જ ૫.૫૫ ટકા, વોડાફોન આઈડિયા ૫.૫૪ ટકા, MRPL ૪.૭૯ ટકા, પર્સિસ્ટન્ટ સિસ્ટમ્સ ૪.૫૪ ટકા, IOB 4.૨૩ ટકા, હિન્દુસ્તાન પેટ્રોલિયમ ૪.૧૧ ટકા, પોલિકેબ ૩.૯૭ ટકા, બંધન બેન્ક ૩.૯૫ ટકા, SBI બેન્ક ૩.૯૫ ટકા, જી૪૩ ટકા, કાર બેન્ક ૩.૯૫ ટકા. ઘટાડો બંધ થવા આવ્યો છે. વધતા શેરોમાં ટાટા કેમિકલ્સ ૮.૭૭ ટકા, ઓબેરોય રિયલ્ટી ૨.૯૯ ટકા, મઝગાંવ ડોક્સ ૨.૮૪ ટકા, BSE ૧.૭૬ ટકા, મેક્સ હેલ્થ ૧.૩૪ ટકા, પતંજલિ ૦.૭૯ ટકાના વધારા સાથે બંધ થયા છે. શેરબજારમાં ઘટાડાને કારણે રોકાણકારોને ભારે નુકસાન થયું છે. BSE પર લિસ્ટેડ શેરોનું માર્કેટ કેપ ઘટીને રૂ. ૪૫૩.૨૭ લાખ કરોડ થયું છે, જે ગયા ટ્રેડિંગ સેશનમાં રૂ. ૪૫૮.૨૧ લાખ કરોડ હતું. મતલબ કે આજના સત્રમાં રોકાણકારોની સંપત્તિ ૫ લાખ કરોડ રૂપિયા ઘટી ગઈ છે.

આજના વેપાર દરમિયાન, ઓટો સિવાય, અન્ય તમામ ક્ષેત્રીય સૂચકાંકો લાલ નિશાનમાં બંધ થયા હતા, જેમાં FMCG, મેટલ, ઓઈલ એન્ડ ગેસ અને મીડિયા ૧-૨ ટકાના ઘટાડા સાથે બંધ થયા હતા. BSE મિડકેપ અને સ્મોલકેપ ઈન્ડેક્સમાંએક એક ટકાનો ઘટાડો નોંધાયો હતો.

### ઉદ્ધવ ઠાકરેનો પ્લાન B તૈયાર ?

# કોંગ્રેસ પાર્ટીએ કરેલા દાવાઓથી મહારાષ્ટ્રની રાજનીતિમાં ખળભળાટ

## ચૂંટણીને લઈને સ્ફછમાં વિવાદ ચાલુ છે : સૌથી વધુ તણાવ કોંગ્રેસ અને ઉદ્ધવ ઠાકરેની શિવસેના વચ્ચે છે

મુંબઈ, તા.૨૧

મહારાષ્ટ્રમાં મહાવિકાસ અઘાડી (MVA)માં બેઠક વહેંચણીને લઈને જંગ છેડાઈ ગયો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, ઉદ્ધવ ઠાકરે બેઠક વહેંચણીને લઈને કોંગ્રેસથી નારાજ છે અને પ્લાન મ્પર પણ કામ કરી રહ્યા છે. ઉદ્ધવ ઠાકરેની પાર્ટી શિવસેના (UBT)ની તૈયારી તમામ ૨૮૮ બેઠકો પર છે. એટલે કે જો સ્ફછમાં બેઠક વહેંચણીની વાત ન બને તો ઠાકરે પોતાના બળે ચૂંટણી લડી શકે છે. આવી સ્થિતિમાં સવાલ ઉઠે છે કે શું ઉદ્ધવ ઠાકરે કોંગ્રેસથી દૂર થાય તો શું તેઓ BJPની સાથે જશે? જ્યારે કોંગ્રેસના સૂત્રોનું કહેવું છે કે બેઠક વહેંચણી પર ઉદ્ધવ ઠાકરેના દબાણ આગળ પાર્ટી નહીં ઝૂકે. સૂત્રોએ જણાવ્યું કે ઉદ્ધવ ઠાકરેના નિવેદનોથી તેમના પગલાંનો સંકેત રવિવારે (૨૦ ઓક્ટોબર)ના રોજ મળી ગયો હતો. સૂત્રોએ કહ્યું કે દેવેન્દ્ર ફડણવીસે તાજેતરમાં ઉદ્ધવ ઠાકરે સાથે મુલાકાત કરી હતી. સંજય રાઉતે પણ અમિત શાહ સાથે મુલાકાત કરી હતી. જોકે એ સ્પષ્ટ નથી કે કયા મુદ્દાઓ પર ચર્ચા થઈ.

કોંગ્રેસના સૂત્રોએ કહ્યું કે જે રીતે શિવસેના (UBT) દબાણની વ્યૂહરચના અપનાવી રહી છે, તેને જોતાં બેઠક ફાળવણીમાં વિલંબ થશે. કોંગ્રેસ પાર્ટીના નેતાઓએ મહારાષ્ટ્રના પાર્ટી નેતાઓને કહ્યું કે શિવસેના એવી બેઠકોની માંગ કરી રહી છે, જ્યાં મુસ્લિમ મતદારો મોટી સંખ્યામાં છે અને જ્યાં કોંગ્રેસના ઉમેદવાર ૧૦૦ ટકા ચૂંટાઈને આવી શકે છે. કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓએ સ્પષ્ટ કહ્યું, "અમે આ બેઠકો નહીં છોડીએ અને આ બેઠકો પર ચર્ચા અંત સુધી ચાલશે. લોકસભામાં કોંગ્રેસના પ્રદર્શનને જોતાં કોંગ્રેસને વધુમાં વધુ બેઠકો મળવી જોઈએ અને અમે લઈશું."

સૂત્રોએ જણાવ્યું કે MVAમાં મહારાષ્ટ્રમાં લગભગ ૨૦થી ૨૫ બેઠકો પર પેંચ ફસાયો છે. આમાં મોટાભાગે વિદર્ભ અને મુંબઈની બેઠકો છે. શિવસેના (UBT) વિદર્ભની ત્રણ બેઠકો માંગે છે અને તેનાથી ઓછામાં તૈયાર નથી. રાજ્યના નેતાઓથી નારાજગીને કારણે હવે શિવસેના (UBT) કેન્દ્રના ટોચના કોંગ્રેસી નેતાઓ સાથે વાતચીત કરી રહી છે.

બેઠક વહેંચણી અંગે જ્યારે શિવસેના (UBT)ના સાંસદ સંજય રાઉતને સવાલ કરવામાં આવ્યો ત્યારે તેમણે સોમવારે (૨૧ ઓક્ટોબર)ના રોજ કહ્યું કે અમારી વાતચીત ચાલી રહી છે. આજે સાંજ સુધીમાં ફાઈનલ થઈ જશે. અમે બધા બેસીને નિર્ણય લઈશું. કોંગ્રેસ હાઈકમાન્ડ સાથે વાતચીત થઈ રહી છે. રાજ્યના કોંગ્રેસ નેતાઓ અમારા મિત્રો છે. બેઠક વહેંચણીમાં બધાએ થોડું ઘણું ત્યાગ કરવો પડે છે. કોંગ્રેસનું આલાકમાન દિલ્હીમાં બેસે છે. નોંધનીય છે કે મહારાષ્ટ્રમાં સ્ફછમાં કોંગ્રેસ અને શિવસેના (UBT)ની સાથે શરદ પવારની NCP (SP) સામેલ છે. આ ગઠબંધનનો મુકાબલો BJP, એકનાથ શિંદેની શિવસેના અને અજિત પવારની NCPથી છે.

### સેન્ટ્રલ ઈન્સ્ટિટયૂટ ફોર કોટન રિસર્ચ દ્વારા

# અમરેલી જીલ્લામાં કપાસમાં સાંકડા ગાળે વાવેતર પધ્ધતિ પ્રોજેક્ટ હેઠળ તાલીમ યોજાઇ

## જુનાગઢ કૃષિ વિજ્ઞાન કેન્દ્રનો પણ સહયોગ રહ્યો

અમરેલી, તા.૨૧

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર જૂ.કૃ.યુ., અમરેલી દ્વારા ૧૯ અને ૨૦ ઓકટોબર, ૨૪ના રોજ અમરેલી તાલુકાના જેસીંગપરા ગામ, કુકાવાવ અને મોરવાડા ગામ ખાતે કૃષિ વિજ્ઞાન કેન્દ્રનાં વડા ડો. પી. જે. પ્રજાપતીનાં માર્ગદર્શન હેઠળ તાલીમ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું. આ કાર્યક્રમમાં કેવિકેના વૈજ્ઞાનિક વી.એસ. પરમાર, એન. એમ. કાછડિયા અને પી. ડી. ગજેરા દ્વારા અત્રેની કચેરી અને સેન્ટ્રલ ઈન્સ્ટિટયૂટ ફોર કોટન રિસર્ચ, નાગપુર દ્વારા કાર્યરત આ પ્રોજેક્ટ વિષે અગત્યની માહિતી આપવામાં આવી. જેમાં કપાસને સાંકળે ગાળે (૯૦ × ૩૦)ના અંતરે વાવવાથી થતાં ફાયદા જેમ કે, હેકટર દીઠ છોડની સંખ્યા વધવાથી ઉત્પાદના વધુ મળે, ટૂંકા ગાળામાં પાક તૈયાર થઈ જાય જેથી શિયાળુ પાક લઈ શકાય, જમીન ટૂંકા ગાળામાં ઢંકાઈ જતી હોવાથી નિંદામણનો પ્રશ્ન પણ ના રહે, ગુલાબી ઈયળનું નિયંત્રણ, મજૂરોની અછતમાં વાવણી તથા વીણીમાં



મશીનરીનો ઉપયોગ કરી શકાય તથા જમીન, ખાતર અને જગ્યાનો કરકસરપૂર્વક ઉપયોગ થઈ શકે વગેરે વિષે માહિતી આપી.

આ કાર્યક્રમમાં ૩૦૦ થી વધુ ભાઈઓએ ભાગ લીધેલ હતો. વધુમાં બિયારણ માટે જે કંપનીઓ સંકલન કરી રહી છે તેમના પ્રતિનિધિ નિરલ ઉસદડિયા (ક્રિસ્ટલ ક્રોપ) અને હિમાનસુ ગજેરા (નિર્જુવિડુ સીડ) પણ હાજર રહ્યા હતા. હાલ અમરેલી જીલ્લામાં ૩૦૦ એકરમાં સાકળે ગાળે વાવેતર કરવા આવ્યું છે. જેમાં ક્રિસ્ટલ ક્રોપની કપાસની સીસીએચ – ૩ અને ૭૫૭૬ નિર્જુવિડુ સીડની ભકિત અને સિરી અને અંકુર સીડની કિર્તિનું વાવેતર કરેલ છે.

### ચક્રવાતી તૂફાન દાના સક્રિય બન્યું છે

# ૧૦૦થી ૧૨૦ કિલોમીટરની ઝડપે ફૂંકાશે પવન, ઉડાડી દેશે છાપરા

## બંગાળની ખાડી અને આંદામાન સમુદ્રમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સાથે લો પ્રેશર એરિયા બનતાં ચક્રવાતી તૂફાન સક્રિય બન્યું છે

નવી દિલ્હી, તા.૨૧

ચોમાસાની વિદાયના સમયે, દક્ષિણ ભારતમાં ફરી એકવાર ચક્રવાતી તોફાનનો ખતરો તોળાઈ રહ્યો છે. દક્ષિણ પશ્ચિમ ચોમાસું ચાલ્યું ગયું છે અને ઉત્તર પૂર્વ ચોમાસું સક્રિય થઈ ગયું છે. IMDએ અપડેટ આપતા જણાવ્યું છે કે બંગાળની ખાડી અને આંદામાન સમુદ્રમાં સાયક્લોનિક સર્ક્યુલેશન સાથે લો પ્રેશર એરિયા બનતાં ચક્રવાતી તૂફાન દાના સક્રિય બન્યું છે. અને આ વાવાઝોડું ૨૩-૨૪ ઓક્ટોબરે દક્ષિણ ભારતના દરિયાકાંઠે ટકરાઈ શકે છે.વાવાઝોડાની સંભાવનાને જોતા IMDએ દક્ષિણ ભારતના ૪ રાજ્યોમાં એલર્ટ જાહેર કર્યું છે. તમને જણાવી દઈએ કે ૧૦૦ થી ૧૨૦ કિલોમીટરની ઝડપે તોફાની પવન ફૂંકાવાની સંભાવના છે. ભારે વરસાદની પણ સંભાવના છે. હવામાન વિભાગની ચેતવણીને ધ્યાનમાં રાખીને, રાજ્ય સરકારે લોકોને ઘરની અંદર રહેવાની સલાહ આપી છે અને શાળા-કોલેજો બંધ કરી શકાય છે અને નોકરિયાતોને ઘરેથી કામ કરવાનો આદેશ પણ આપી શકાય છે.હવામાન વિભાગ (IMD) એ તામિલનાડુ, આંધ્રપ્રદેશ, પુડુચેરી, કર્ણાટકમાં ૨૬ ઓક્ટોબરે ભારે વરસાદની ચેતવણી આપી છે. આ ૪ રાજ્યોના હવામાનની અસર ગોવા, મહારાષ્ટ્ર, છત્તીસગઢમાં પણ જોવા મળશે. જ્યાં હળવોથી મધ્યમ વરસાદ પડશે. ભારતીય હવામાન વિભાગ (IMD) એ માછીમારોને સલામત રહેવાની સલાહ આપતા ૨૧ થી ૨૬ ઓક્ટોબર સુધી દરિયામાં જવા પર પ્રતિબંધ મૂકવાનો નિર્ણય કર્યો છે. મંગળવારથી બંગાળના ઘણા જિલ્લાઓમાં વરસાદ શરૂ થવાની સંભાવના છે, જે શનિવાર સુધી ચાલુ રહી શકે છે. માછીમારોને દરિયામાં જવાની મનાઈ ફરમાવવામાં આવી છે. પૂર્વ મેદિનીપુર અને દક્ષિણ ૨૪ પરગણા જિલ્લામાં સૌથી વધુ વરસાદ થવાની સંભાવના છે. રાજ્યના મુખ્ય સચિવ મનોજ પંતે અસરગ્રસ્ત જિલ્લાઓના અધિકારીઓને જરૂરી સૂચનાઓ આપી છે. આ ચક્રવાતને જોતા ઓડિશા સરકારે તમામ કર્મચારીઓની રજાઓ રદ કરી દીધી છે. વિશેષ રાહત કમિશનર (SRC) દેવ રંજન સિંહે રવિવારે એક બેઠક બોલાવી અને તમામ સરકારી કર્મચારીઓને તેમના સ્થાને રહેવા અને તેમની ફરજો બજાવવાનો નિર્દેશ આપ્યો.હવામાન વિભાગે હાલમાં જ ચક્રવાત અંગે માહિતી આપી છે કે ૨૧ ઓક્ટોબર સુધી આંદામાન સમુદ્રમાં પવનની ઝડપ ૩૫-૫૫ કિમી પ્રતિ કલાક રહેવાની શક્યતા છે. ૨૨ ઓક્ટોબરની સાંજ સુધીમાં સ્પીડ ૫૫-૭૫ દ્બર સુધી પહોંચી શકે છે. ૨૪ ઓક્ટોબરની સાંજથી ૨૫ ઓક્ટોબરની સવાર સુધી ચક્રવાતની ઝડપ વધીને ૧૦૦-૧૨૦ કિમી પ્રતિ કલાક થવાની ધારણા છે. આ પછી, તેની તીવ્રતા ઘટી શકે છે. આ દરમિયાન દેશના વિવિધ ભાગોમાં વરસાદની પણ શક્યતા છે. ભારતીય હવામાન વિભાગે દક્ષિણ દ્વીપકલ્પના ભારતમાં ભારે વરસાદની ચેતવણી જારી કરી છે. ૨૪ અને ૨૫ ઓક્ટોબરે મધ્યપ્રદેશના ઘણા વિસ્તારોમાં વરસાદની સંભાવના છે. વિભાગનું કહેવું છે કે મધ્યપ્રદેશમાં આગામી ત્રણ દિવસ સુધી હવામાન ખરાબ રહેશે. આ ઉપરાંત ઓક્ટોબરના અંત સુધીમાં રાજ્યમાં ઠંડીનો ચમકારો શરૂ થઈ શકે છે.

### મદરેસાઓ બંધ કરવાનું કહ્યું નથી : NCPCR

# સરકારી નાણાં-સહાયો પર ચાલતી મદરેસાઓ બંધ કરવાની ભલામણ સુપ્રીમ કોર્ટે ફગાવી

## ચાર સપ્તાહ બાદ ફરી સુનાવણી હાથ ધરવામાં આવશે

નવી દિલ્હી, તા.૨૧

સુપ્રીમ કોર્ટે નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઓફ ચાઈલ્ડ રાઈટ્સ(NCPCR)ની મદરેસાઓ બંધ કરવાની ભલામણ પર સ્ટે લાદ્યો છે. ચીફ જસ્ટિસ ડીવાય ચંદ્રચુડ, જસ્ટિસ જેબી પારડીવાલા અને જસ્ટિસ મનોજ મિશ્રાની બેન્ચે NCPCRની ભલામણ પર કાર્યવાહી કરવાનો ઈનકાર કરી દીધો હતો. આ સાથે સુપ્રીમ કોર્ટે તમામ રાજ્યો અને કેન્દ્રશાસિત પ્રદેશોને નોટિસ પાઠવી છે. ચાર સપ્તાહ બાદ ફરી સુનાવણી હાથ ધરાશે. સુપ્રીમ કોર્ટે યુપી સરકારના માન્યતા વિનાના મદરેસાના વિદ્યાર્થીઓને સરકારી શાળાઓમાં ટ્રાન્સફર કરવાના નિર્ણય પર પણ રોક લગાવી દીધી છે. ઉલ્લેખનીય છે, નેશનલ કમિશન ફોર પ્રોટેકશન ઑફ ચાઈલ્ડ રાઈટ્સ (NCPCR) એ શિક્ષણ અધિકાર કાયદાનું પાલન ન કરવા બદલ સરકારી ભંડોળ અને સહાયોના આધારે ચાલતી મદરેસાઓને બંધ કરવાની ભલામણ કરી હતી. નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઑફ ચાઈલ્ડ રાઈટ્સે, તેના તાજેતરના અહેવાલમાં, મદરેસાઓની કામગીરી પર ગંભીર ચિંતા વ્યક્ત કરી હતી અને જ્યાં સુધી તેઓ શિક્ષણ અધિકાર કાયદાનું પાલન ન કરે ત્યાં સુધી સરકાર દ્વારા તેમને આપવામાં આવતા ભંડોળ અટકાવવા અપીલ કરી હતી. NCPCR એ RTE ઍક્ટ, ૨૦૦૯ મુજબ મૂળભૂત શિક્ષણ મેળવવા માટે તમામ બિન-મુસ્લિમ બાળકોને મદરેસાઓમાંથી દૂર કરી તેમને સામાન્ય શાળાઓમાં દાખલ કરવાની ભલામણ કરાઈ હતી. નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઑફ ચાઈલ્ડ રાઈટ્સે કહ્યું હતું કે મુસ્લિમ સમુદાયના બાળકો જે મદરેસાઓમાં અભ્યાસ કરી રહ્યા છે, પછી ભલે તે માન્ય હોય કે ગેરમાન્ય, તેમને પણ સામાન્ય શાળાઓમાં દાખલ કરવામાં આવે અને RTE ઍક્ટ ૨૦૦૯ મુજબ નિયત સમય અને અભ્યાસક્રમમાં શિક્ષણ આપવામાં આવે.કમિશને કહ્યું કે ગરીબ મુસ્લિમ બાળકો પર વારંવાર બિનસાંપ્રદાયિક શિક્ષણને બદલે ધાર્મિક શિક્ષણ મેળવવા માટે દબાણ કરવામાં આવે છે.

NCPCRએ કહ્યું કે જેમ સમૃદ્ધ પરિવારો ધાર્મિક અને નિયમિત શિક્ષણ મેળવે છે, તેમ ગરીબ બાળકોને પણ આ શિક્ષણ આપવું જોઈએ. અમે ઈચ્છીએ છીએ કે દરેકને સમાન શૈક્ષણિક તકો પૂરી પાડવામાં આવે. નેશનલ કમિશન ફોર પ્રોટેક્શન ઑફ ચાઈલ્ડ રાઈટ્સના અધ્યક્ષ પ્રિયાંક કાનુન્ગોએ જણાવ્યું હતું કે, તેમણે ક્યારેય મદરેસાઓને બંધ કરવા માટે કહ્યું નથી, પરંતુ તેમણે સરકાર દ્વારા આ સંસ્થાઓને આપવામાં આવતા ભંડોળ પર પ્રતિબંધ મૂકવાની ભલામણ કરી છે કારણ કે આ સંસ્થાઓ ગરીબ મુસ્લિમ બાળકોને શિક્ષણથી વંચિત કરી રહી છે. અમે મદરેસાઓને બદલે સામાન્ય શાળાઓમાં બાળકોનો પ્રવેશ કરવાની ભલામણ કરી છે.

### યોગી સરકાર આ લોકોના અલગથી બનાવશે રેશન કાર્ડ

# કુંભ મેળામાં જનારાઓને પણ મળશે મફત રેશન

## કુંભ મેળામાં આવનારા કલ્પવાસીઓ અને શ્રદ્ધાળુઓને સરકાર રેશન કાર્ડ જારી કરશે જ્યાં રેશન ઉપલબ્ધ કરાવાશે

લખનૌ, તા.૨૧

વર્ષ ૨૦૨૫માં પ્રયાગરાજમાં મહાકુંભનું આયોજન થવાનું છે. મહાકુંભમાં કરોડોની સંખ્યામાં શ્રદ્ધાળુઓના આવવાની સંભાવના છે. યોગી સરકાર મહાકુંભ માટે તૈયારીમાં લાગી ગઈ છે. મહાકુંભમાં ઘણા એવા લોકો આવે છે જે ઘણો સમય ત્યાં રહે છે. જે ત્યાં થતા ભંડારા પર જ નિર્ભર રહે છે. પરંતુ હવે યોગી સરકારના એક નવા નિર્ણય પછી મહાકુંભમાં આવનારા આ પ્રકારના શ્રદ્ધાળુઓ ભૂખ્યા પેટે નહીં સૂવે.

જ્યાં કુંભ મેળામાં ભંડારાનું આયોજન થાય છે, ત્યાં હવે સરકાર તરફથી શ્રદ્ધાળુઓને રેશન પણ આપવામાં આવશે. યોગી સરકાર આ માટે શ્રદ્ધાળુઓને રેશન કાર્ડ જારી કરશે. ચાલો જાણીએ કેવી રીતે શ્રદ્ધાળુઓને સરકાર તરફથી રેશન આપવામાં આવશે. ઉત્તર પ્રદેશ સરકારે વર્ષ ૨૦૨૫માં પ્રયાગરાજમાં યોજાનાર મહાકુંભના આયોજન માટે તેની તૈયારીઓ શરૂ કરી દીધી છે. જ્યાં કુંભ મેળામાં ઘણી જગ્યાએ ભંડારાનું આયોજન થાય છે, ત્યાં આ વખતે ઉત્તર પ્રદેશ સરકાર શ્રદ્ધાળુઓને મફત રેશનની સુવિધા પણ આપશે. મહાકુંભમાં ઘણા દિવસો સુધી રહેનારા કલ્પવાસીઓને અને શ્રદ્ધાળુઓને સરકાર તરફથી રેશન કાર્ડ જારી કરવામાં આવશે.

જેનો ઉપયોગ કરવા પર તેમને રેશનની સુવિધા આપવામાં આવશે. સરકાર તરફથી ખાદ્ય વિભાગ દ્વારા સમગ્ર મેળા વિસ્તારમાં ૧૬૦ રેશનની દુકાનોની વ્યવસ્થા કરવામાં આવશે. જ્યાં શ્રદ્ધાળુઓને યોગ્ય કિંમતે રેશન ઉપલબ્ધ કરાવવામાં આવશે. મેળા વિસ્તારમાં સરકાર તરફથી જે રેશન દુકાનો સ્થાપિત કરવામાં આવશે, ત્યાં કલ્પવાસીઓને અને શ્રદ્ધાળુઓને રેશન કાર્ડ બતાવવા પર રેશન આપવામાં આવશે. સરકાર તરફથી જાન્યુઆરી અને ફેબ્રુઆરીમાં બે વાર રેશન આપવામાં આવશે. આ માટે પાંચ ગોડાઉન પણ અલગથી બનાવવામાં આવશે. સરકાર પાસેથી મળેલી માહિતી અનુસાર આ સમગ્ર પ્રોજેક્ટ પર ૪૩ કરોડ રૂપિયાથી વધુનો ખર્ચ આવશે.

શ્રદ્ધાળુઓને આ રેશન દુકાનો પર ખાંડ અને રસોઈ ગેસ પણ આપવામાં આવશે. એલપીજી સિલિન્ડર ખરીદવા માટે અલગથી આઉટલેટ્સ લગાવવામાં આવશે. આશરે ૨ લાખ શ્રદ્ધાળુઓને રેશન કાર્ડ જારી કરવામાં આવશે. સરકારની આ યોજનાનો લાભ અખાડા અને શિબિરમાં રહેતા શ્રદ્ધાળુઓ અને કલ્પવાસીઓ પણ લઈ શકશે.

### લદાખ સરહદ વિવાદમાં મોટું અપડેટ

# એલએસી પર પેટ્રોલિંગ કરવા મુદ્દે ભારત-ચીન વચ્ચે મહત્ત્વનો કરાર

## ભારત અને ચીન વચ્ચે લાઈન ઓફ એક્ચ્યુઅલ કંટ્રોલ (LAC) પર પેટ્રોલિંગ કરવા મામલે સમજૂતી કરાર થયો

નવી દિલ્હી, તા.૨૧

ભારત અને ચીન વચ્ચે ન્છઝ ને લઈને ચાલી રહેલા વિવાદના મામલે મોટું પગલું લેવામાં આવ્યું છે. વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ જાહેરાત કરી કે ભારત અને ચીન બંને દેશોના અધિકારીઓ વચ્ચે તાજેતરમાં થયેલી વાતચીત બાદ વાસ્તવિક નિયંત્રણ રેખા (LAC) પર પેટ્રોલિંગ વ્યવસ્થા પર એક સમજૂતી પર પહોંચ્યા છે. LAC પર પેટ્રોલિંગની સમજૂતી અંગે વિદેશ સચિવ વિક્રમ મિસ્ત્રીએ કહ્યું, "છેલ્લા કેટલાક અઠવાડિયાઓમાં થયેલી ચર્ચાઓના પરિણામે ભારત ચીન સરહદ વિસ્તારમાં વાસ્તવિક નિયંત્રણ રેખા પર પેટ્રોલિંગ વ્યવસ્થા પર સહમતિ બની છે અને આનાથી ૨૦૨૦માં આ વિસ્તારોમાં ઉદ્ભવેલા મુદ્દાઓનું સમાધાન થઈ રહ્યું છે." તેમણે કહ્યું, "અમે ચીન સાથે ચર્ચા કરાઈ રહેલા મુદ્દાઓ પર એક સમજૂતી પર પહોંચ્યા છીએ." આ ઘટનાક્રમથી સરહદ પર આખરે સૈનિકોના પીછેહઠની આશા છે.

વિદેશ સચિવે કહ્યું કે સરહદ પર બાકી રહેલા મુદ્દાઓને સુલઝાવવા માટે ભારતીય અને ચીની વાર્તાકારો છેલ્લા કેટલાક અઠવાડિયાથી સંપર્કમાં છે. કહેવાય છે કે આ સમજૂતી ડેપસાંગ અને ડેમચોક વિસ્તારોમાં પેટ્રોલિંગ વ્યવસ્થા સાથે સંબંધિત છે. પૂર્વી લદાખ સરહદ પર ૨૦૨૦માં થયેલી અથડામણ બાદથી બંને પડોશીઓ વચ્ચે સંબંધો તણાવપૂર્ણ છે, જેના પરિણામે ૨૦ ભારતીય સૈનિકો શહીદ થયા અને અજ્ઞાત સંખ્યામાં ચીની સૈનિકો પણ માર્યા ગયા. વડાપ્રધાન નરેન્દ્ર મોદી બ્રિક્સ શિખર સંમેલનમાં ભાગ લેવા રશિયાના કઝાન જઈ રહ્યા છે. તેમની નિર્ધારિત મુલાકાતના એક દિવસ પહેલા આ પગલાને ખૂબ મહત્વપૂર્ણ માનવામાં આવી રહ્યું છે કારણ કે અટકળો લગાવવામાં આવી રહી છે કે PM મોદી અને ચીની રાષ્ટ્રપતિ શી જિનપિંગ શિખર સંમેલન દરમિયાન દ્વિપક્ષીય બેઠક કરી શકે છે. જોકે આની કોઈ સત્તાવાર પુષ્ટિ કરવામાં આવી નથી. પ્રથમ દિવસે બ્રિક્સ નેતાઓ માટે રાત્રિભોજનનું આયોજન કરવામાં આવશે. ૨૩ ઓક્ટોબરે બે મુખ્ય સત્રો થશે. સવારના સત્ર પછી, સમિટના મુખ્ય વિષય પર બપોરે ખુલ્લું સત્ર થશે. આ સત્રમાં BRICS નેતાઓ પણ કાઝાન ઘોષણા સ્વીકારે તેવી અપેક્ષા છે. આ ઘોષણા બ્રિક્સ માટે આગળનો માર્ગ તૈયાર કરશે. BRICS સમિટ ૨૪ ઓક્ટોબરે પૂર્ણ થશે. જોકે, વડાપ્રધાન મોદી ઘરેલુ પ્રતિબદ્ધતાઓને કારણે ૨૩ ઓક્ટોબરે નવી દિલ્હી પરત ફરશે. બ્રિક્સ સમિટની બાજુમાં, વડા પ્રધાન કેટલીક દ્વિપક્ષીય બેઠકો યોજે તેવી અપેક્ષા છે.

### એરબસ પ્રોજેક્ટનું કરશે લોકાર્પણ

# સ્પેનના પીએમ સાથે વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવશે વડોદરા

## વડાપ્રધાન મોદી અને સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાચેઝ આગામી ૨૮ ઓક્ટોબરે વડોદરા શહેરની મુલાકાત લેશે

વડોદરા, તા.૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાચેઝ ૨૮ ઓક્ટોબરના રોજ વડોદરાની મુલાકાતે આવી રહ્યા છે. સ્પેનના વડાપ્રધાન અને પીએમ મોદીના આગમને કારણે વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરમાં પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે. વડોદરા મહાનગરપાલિકા દ્વારા શહેરના મુખ્ય માર્ગો, ડિવાઈડરો, ફૂટપાથ અને જાહેર સ્થળોની સાફસફાઈ કરવામાં આવી રહી છે. તેમજ રોડ-રસ્તાઓના સમારકામની કામગીરી પણ તેજ ગતિએ ચાલી રહી છે. શહેરના જાહેર માર્ગોને શોભાયમાન બનાવવા માટે રંગરોગાન અને વૃક્ષારોપણ જેવા કાર્યો હાથ ધરવામાં આવી રહ્યા છે. હાલમાં આવેલી પૂરની આપદા બાદ શહેરના મુખ્ય વિસ્તારોમાં થયેલાં નુકસાનને ઠીક કરવામાં વડોદરા મહાનગરપાલિકાનું તંત્ર દિવસ-રાત મહેનત કરી રહ્યું છે. ખાસ કરીને પૂરના કારણે રસ્તા પર પડેલા ભૂવા અને ક્ષતિગ્રસ્ત રસ્તાઓનું સમારકામ યુદ્ધના ધોરણે પૂર્ણ કરવામાં આવી રહ્યું છે. વડોદરા શહેરની આગવી ઓળખ એવી એમ.એસ. યુનિવર્સિટી, કીર્તિ મંદિર, ન્યાય મંદિર અને લક્ષ્મીવિલાસ પેલેસને આકર્ષક અને વિશિષ્ટ લાઈટિંગથી સજાવવામાં આવ્યા છે અને સાથે ત્યાં રંગરોગાન પણ કરવામાં આવી રહ્યું છે. આ સાથે વડોદરા શહેરના મુખ્ય માર્ગોની બંને બાજુની દીવાલો પર દોરવામાં આવેલા ગ્રેફિટી ચિત્રો આકર્ષણનું કેન્દ્ર બની રહ્યા છે.વડાપ્રધાન નરેન્દ્ર મોદી વડોદરા ખાતે મહત્વાકાંક્ષી એરબસ પ્રોજેક્ટનું લોકાર્પણ કરવા જઈ રહ્યા છે. આ એક 'મેક ઈન ઈન્ડિયા' પ્રોજેક્ટ છે, જે સ્વદેશી વિમાનોના ઉત્પાદનને પ્રોત્સાહન આપશે. ઉલ્લેખનીય છે કે, વડાપ્રધાન મોદી બે વર્ષ પહેલા, ૩૦ ઓક્ટોબર, ૨૦૨૨ના રોજ વડોદરા ખાતે આ પ્રોજેક્ટનો શિલાન્યાસ કર્યો હતો અને આજે બરાબર બે વર્ષ પછી તેઓ આ પ્રોજેક્ટનું લોકાર્પણ કરી રહ્યા છે.આ બાબત તેમના એ વાક્યને ફરી એકવાર પ્રતિબિંબિત કરે છે, તેમના નેતૃત્વ હેઠળની સરકાર જે પ્રોજેક્ટનો શિલાન્યાસ કરે છે, તેનું લોકાર્પણ પણ કરે છે. વડોદરા ખાતેનો ટાટા એરબસ પ્રોજેક્ટ ભારતીય વાયુસેના માટે પરિવહન વિમાનોનું ઉત્પાદન કરશે અને સંરક્ષણ ક્ષેત્રે નવી ઉડાનનુ નિમિત્ત બનશે.દેશના આર્થિક વિકાસ માટે ખૂબ જ મહત્વના પ્રોજેક્ટ માટે જ્યારે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને સ્પેનના વડાપ્રધાન પેડ્રો સાચેઝ વડોદરા આવી રહ્યા છે. ત્યારે સમગ્ર વિશ્વ ભારત અને સ્પેનના મૈત્રીપૂર્ણ સંબંધોનું સાક્ષી બનશે. ઉલ્લેખનીય છે કે, ભારત અને સ્પેન, બંને દેશોની અત્યંત મહત્વની દ્વિપક્ષીય બેઠક બંને વડાપ્રધાન વચ્ચે વડોદરામાં યોજાઈ રહી છે, જેના ઉપર સમગ્ર વિશ્વની નજર હશે. તેથી જ શહેરમાં સુરક્ષાની પણ વિશેષ તૈયારીઓ કરવામાં આવી રહી છે. કોઈ અનિચ્છનીય બનાવ ના બને એ માટે પોલીસકર્મીઓ અને સ્થાનિક અધિકારીઓ દ્વારા શહેરના દરેક મુખ્ય વિસ્તારમાં કડક સુરક્ષા બંદોબસ્ત ઊભો કરવામાં આવ્યો છે.

# ઉમેદવારોની યાદી જાહેર થતાં જ અનેક નેતાઓના પાર્ટીને રામ રામ

## સરાયકેલા વિધાનસભા પરથી અગાઉના ભાજપના ઉમેદવાર ગણેશ મહાલીએ પાર્ટીને અલવિદા કહી દીધું

નવી દિલ્હી, તા.૨૧

ભાજપે ઝારખંડ વિધાનસભા ચૂંટણી માટે પહેલી યાદી જાહેર કરી હતી. પાર્ટીએ અત્યાર સુધીમાં ૬૬ ઉમેદવારોની પહેલી જમ્બો યાદી બહાર પાડી હતી. જો કે, આ યાદી બહાર આવતા જ ભાજપમાં ભાગમભાગ મચી ગઈ હતી. એક પછી એક જૂના કાર્યકરો પાર્ટી છોડવા લાગ્યા છે. સરાયકેલા વિધાનસભા પરથી અગાઉના ભાજપના ઉમેદવાર ગણેશ મહાલીએ પાર્ટીને અલવિદા કહી દીધું છે. આ વખતે તે જેએમએમની ટિકિટ પર ચૂંટણી લડી શકે છે. પાર્ટી છોડ્યા બાદ તેમણે કહ્યું કે, 'હવે ભાજપ પહેલા જેવી નથી રહી.' ચંપાઈ સોરેન પર પ્રહાર કરતા ગણેશ મહાલી કહ્યું કે 'ચંપાઈ સોરેને દિલ્હી જઈને અમારા માર્ગમાં અવરોધ ઊભો કર્યો છે. આગામી દિવસોમાં તેના પરિણામો ચોક્કસપણે જોવા મળશે.' ગણેશ મહાલી ઉપરાંત પોટકા વિધાનસભાના પૂર્વ ધારાસભ્ય મેનકા સરદારે પણ ભાજપના તમામ હોદ્દા પરથી રાજીનામું આપી દીધું છે. પૂર્વ પોટકાના ધારાસભ્ય મેનકા સરદારે ભાજપના પ્રાથમિક સભ્યપદેથી રાજીનામું આપી દીધું હતું. વર્ષ ૨૦૧૯માં તે ત્નસ્ના સંજીવ સરદાર સામે ચૂંટણી હારી ગઈ હતી. આ પહેલા જમુઆના વર્તમાન ધારાસભ્ય કેદાર હઝરા પણ થોડા દિવસો પહેલા જ ભાજપ છોડીને જેએમએમમાં જોડાયા હતા.

### ભારે વિવાદ બાદ કરી સ્પષ્ટતા

# સપા સાંસદ રામ ગોપાલ યાદવે CJIને કહ્યા અપશબ્દ

## રામગોપાલે પોતાના નિવેદનથી પલટી મારતા દાવો કર્યો કે, મને કોઈએ ચીફ જસ્ટિસ અંગે કંઈ નહોતું પૂછ્યું

નવી દિલ્હી, તા. ૨૧

સમાજવાદી પાર્ટીના વરિષ્ઠ નેતા અને રાજ્યસભા સાંસદ રામગોપાલ યાદવે દેશના ચીફ જસ્ટિસ ડી.વાય. ચંદ્રચૂડને અપશબ્દો કહ્યા છે. જ્યારે સાંસદને અયોધ્યા વિવાદના સંદર્ભમાં તાજેતરની ચીફ જસ્ટિસની 'ભગવાનને પ્રાર્થના' વાળી ટિપ્પણી અંગે પૂછવામાં આવ્યું તો તેમણે CJI વિરુદ્ધ અપશબ્દનો ઉપયોગ કર્યો, રામગોપાલ યાદવના આ નિવેદન પર હવે વિવાદ ઊભો થઈ ગયો છે. હવે તેમના આ વિવાદાસ્પદ નિવેદન પર સત્તારુઢ પાર્ટી અને વિપક્ષના તમામ નેતાઓએ પણ પોતાની પ્રતિક્રિયા આપી છે.

જો કે ટીકાનો સામનો કર્યા બાદ રામગોપાલે પોતાના નિવેદનથી પલટી મારતા દાવો કર્યો કે, મને કોઈએ ચીફ જસ્ટિસ અંગે કંઈ નહોતું પૂછ્યું. હકીકતમાં ઘટના એમ છે કે CJI ડીવાય ચંદ્રચૂડે બાબરી વિવાદ ચુકાદા પર કરેલી ટિપ્પણી પર રામગોપાલ યાદવને સવાલ પૂછવામાં આવ્યો તો તેમણે કહ્યું કે મારે કોઈ ટિપ્પણી નથી કરવી. જ્યારે તમે ભૂતોને જીવતા કરો છો, મૃતદેહોને જીવતા કરો છો ત્યારે તે ભૂત બની જાય છે અને જસ્ટિસની પાછળ પડી જાય છે. હવે શું છે, તમને હજું પણ બાબરી મસ્જિદ અને મંદિર દેખાઈ રહ્યા છે. અરે છોડો, આ બધા એવી રીતે વાત કરે છે તો શું મારે તેમને સંજ્ઞાનમાં લેવા જોઈએ.' રામગોપાલ યાદવે બહરાઈચ ઘટના અંગે કહ્યું કે, અહીં કોઈ સાંપ્રદાયિક રમખાણો નથી થયા પરંતુ રમખાણો કરાવવામાં આવ્યા છે.

ત્યારબાદ જ્યારે તેમને આ વિવાદાસ્પદ નિવેદન પર સ્પષ્ટીકરણ માંગવામાં આવ્યું તો તેમણે મેં આવું કોઈ પણ નિવેદન આપ્યું હોવાનો ઈનકાર કર્યો અને તર્ક આપ્યો કે મને બહરાઈચ હિંસા પર પ્રતિક્રિયા આપવા માટે કહેવામાં આવ્યું હતું.

સાંસદે ચીફ જસ્ટિસ અંગેના પોતાના વિવાદાસ્પદ નિવેદન પર પણ પલટી મારતા કહ્યું કે, કોઈએ મને સીજેઆઈ અંગે નહોતો પૂછ્યું. સીજેઆઈ ખૂબ જ પ્રતિષ્ઠિત વ્યક્તિ છે, હું ક્યારેય પણ તેમના પર કોઈ ટીપ્પણી નહીં કરું. મને બહરાઈચ હિંસા અંગે પૂછવામાં આવ્યું હતું અને મેં તેનો જવાબ આપ્યો હતો.

આ સમગ્ર વિવાદ પર પ્રતિક્રિયા આપતા સપા પ્રમુખ અખિલેશ યાદવે કહ્યું કે મને મારા કાકાના આ વિવાદાસ્પદ નિવેદન અંગે કોઈ જાણકારી નથી.અમે બધા ચીફ જસ્ટીસનું સન્માન કરીએ છીએ.

ભાજપ નેતા શાહનવાજ હુસૈને સીજેઆઈ પર સમાજવાદી પાર્ટીના રાજ્યસભા સાંસદ રામગોપાલ યાદવના નિવેદન પર પ્રતિક્રિયા આપી છે. તેમણે કહ્યું કે સમાજવાદી પાર્ટી તો આવી જ વાતો કરે છે. રમખાણો વાળી પાર્ટી આવા જ નિવદનો આપે છે. તેમનું કામ જ લોકોને ભડકાવવાનું અને રમખાણો કરાવવાનું છે. સમાજવાદી પાર્ટીના રાજમાં રમખાણો થતા હતા. અમે તો સમાજવાદી પાર્ટીના ષડયંત્રને નિષ્ફળ બનાવ્યું છે.

### પાકિસ્તાન પર બરાબરના ભડક્યાં ફારૂક અબ્દુલ્લા

# ભારત સાથે મિત્રતા કરવી હોય તો બંધ કરો આતંકવાદ

## કાશ્મીર પાકિસ્તાન નહીં બને, નહીં બને, નહીં બને : અબ્દુલ્લા

જમ્મુ, તા.૨૧

રવિવારે જમ્મુ-કાશ્મીરના ગાંદરબલમાં થયેલા આતંકી હુમલો થયો હતો. જેમાં સાત લોકોના મોત થયા છે. આ આતંકી હુમલા બાદ જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રી અને નેશનલ કોન્ફરન્સના નેતા ફારુક અબ્દુલ્લાએ પાકિસ્તાનની આકરી ટીકા કરી હતી.ફારુક અબ્દુલ્લાએ ગાંદરબલ આતંકવાદી હુમલા પર કહ્યું કે, 'આ ખૂબ જ દર્દનાક ઘટના છે. ઘણા ગરીબ મજૂરો રોજીરોટી મેળવવા કાશ્મીર આવે છે. ગઈકાલે આ આતંકીઓ એ તેમને શહીદ કરી દીધા. આ સાથે લોકોની સેવા કરતા અમારા ડોક્ટરે પણ પોતાની જીવ ગુમાવ્યો છે. હવે તમે જ કહો કે આમાં તે આતંકીઓને શું મળ્યું? શું તેમને એવું લાગે છે કે આવું કરવાથી અહી પાકિસ્તાન બની જશે?

જમ્મુ-કાશ્મીરના પૂર્વ મુખ્યમંત્રીએ કહ્યું કે, 'અમે ઘણા વર્ષોથી જોઈ રહ્યા છીએ કે તે લોકો અહીં આવી રહ્યા છે. અમે આ મામલાને ખતમ કરીને મામલો આગળ વધે એવો પ્રયાસ કરી રહ્યા છીએ. આપણે મુશ્કેલ પરિસ્થિતિઓમાંથી બહાર આવી શકીએ છીએ. હું પાકિસ્તાનના શાસકોને કહેવા માંગુ છું કે જો તેઓ ખરેખર ભારત સાથે મિત્રતા કરવા માંગતા હોય તો આવા કામ આ બંધ કરો. કાશ્મીર પાકિસ્તાન નહીં બને. નહીં બને, નહીં બને.' વધુમાં ફારુક અબ્દુલ્લાએ કહ્યું કે, 'મહેરબાની કરીને અમને સન્માન અને પ્રગતિ સાથે જીવવા દો. ક્યાં સુધી તમે હુમલો કરતા રહેશો? તમે ૧૯૪૭ થી શરૂઆત કરી છે. નિર્દોષોને માર્યા એમાં શું પાકિસ્તાનનો વિકાસ થયો? પાકિસ્તાનનો ૭૫ વર્ષમાં વિકાસ નથી થયો તો આજે કેવી રીતે થશે? અલ્લાહ માટે, તમારા દેશ તરફ ધ્યાન આપો અને અમને અમારા ભગવાન પર છોડી દો. અમે અમારા દેશનો વિકાસ કરવા માંગીએ છીએ, ગરીબી દૂર કરવા માંગીએ છીએ, આમ જ ચાલતું રહેશે તો આગળ કેવી રીતે વધીશું?'

૨૦ ઓક્ટોબરે શ્રીનગર-લેહ રાષ્ટ્રીય ધોરીમાર્ગ પર સુરંગ નિર્માણ સ્થળ પર આતંકવાદીઓ દ્વારા હુમલો કરવામાં આવ્યો હતો. આ હુમલામાં એક ડોક્ટર અને છ મજૂરો માર્યા ગયા હતા. અધિકારીએ જણાવ્યું હતું કે આ હુમલો ત્યારે થયો જયારે ગુંડ, ગાંદરબલમાં ટનલ પ્રોજેક્ટ પર કામ કરી રહેલા કામદારો અને અન્ય કર્મચારીઓ મોડી સાંજે તેમના કેમ્પમાં પરત ફરી રહ્યા હતા.

### ઓક્ટોબરમાં અંગ દઝાડતી ગરમી અને વરસાદ

# ગુજરાતમાંથી વરસાદ વિદાય લેવાનું નામ કેમ નથી લેતો ?

## ગ્લોબલ વોર્મિંગ અને અન્ય કેટલાક વૈજ્ઞાનિક કારણોને પગલે વરસાદ પડી રહ્યો છે અને ગરમી પણ પડી રહી છે

અમદાવાદ, તા.૨૧

ચોમાસુ પુરૂ થવા છતા ગુજરાતમાંથી વરસાદ વિદાય થવાનું નામ લેતો નથી. ઉપરાંત ઓક્ટોબરમાં અંગ દઝાડતી ગરમી અને વરસાદ સાથે પડી રહ્યો છે. જેને પગલે શિયાળો ક્યારે શરૂ થશે તે નક્કી થતું નથી. દેશમાં ૧૪ ઓક્ટોબરે નૈઋત્યના ચોમાસાની વિદાય થઈ ગઈ છે. તેમછતાં વરસાદ પણ ગુજરાતમાંથી વિદાય લેવાનું નામ નથી લઈ રહ્યો. રાજ્યના કેટલાક વિસ્તારોમાં હળવાથી મધ્યમ તો ક્યાંક ભારે વરસાદ પડી રહ્યો છે. તો કેટલાક ઠેકાણે અંગ દઝાડતી ગરમીનો પ્રકોપ છે. રાજ્યમાં એકબાજુ વરસાદ પડી રહ્યો છે, તો બીજી બાજુ ગરમી પડી રહી છે. આમ થવા પાછળ લા નીનોની અસર જવાબદાર છે. ત્યારે સંભવતઃ આવતા મહિને ફૂલ ગુલાબી ઠંડી પડી શકે છે. ગુજરાતમાંથી ચોમાસુ કે ઉનાળો જવાનું નામ નથી લઈ રહ્યું, ત્યારે આ પરિસ્થિતિમાં હવામાન નિષ્ણાંત પરેશ ગોસ્વામીએ જણાવ્યું હતું કે, ગત વર્ષે અલી નીનો અસરોને કારણે વહેલા વિદાય લીધી હતી અને શિયાળાની શરૂઆત પણ ઓક્ટોબર મહિનાથી જ થઈ ગઈ હતી. પરંતુ આ વર્ષે લા નીનાની અસરને કારણે ચોમાસું સામાન્ય કરતાં લાંબુ ચાલ્યું છે અને હજુ સુધી પણ અનેક ભાગોમાં વરસાદ વરસી રહ્યો હોવાથી તાપમાન અને બફારાનું પ્રમાણ પણ વધુ રહેવાથી ગરમીનો અહેસાસ વધુ થઈ રહ્યો છે. આ પરિસ્થિતિ હજુ પણ ૫ નવેમ્બર સુધી યથાવત રહેવાની શક્યતાઓ છે. ત્યારબાદ લઘુત્તમ તાપમાનમાં ઘટાડો થતાં ધીમેધીમે શિયાળાની ગુલાબી ઠંડીની શરૂઆત થશે, પરંતુ હજુ પણ ઓક્ટોબર મહિનાના અંત સુધી ગુજરાત રાજ્યની પરિસ્થિતિ યથાવત રહેવાની શક્યતાઓ છે. ગ્લોબલ વોર્મિંગ અને અન્ય કેટલાક વૈજ્ઞાનિક કારણોને પગલે વરસાદ પડી રહ્યો છે અને ગરમી પણ પડી રહી છે. ગુજરાતમાં અડધા ઓક્ટોબરથી ઠંડકનો અહેસાસ થાય છે, જોકે, આ વર્ષે મોટાભાગના જિલ્લાઓમાં ૩૫ ડિગ્રી સેલ્સિયસ કરતાં વધુ તાપમાન નોંધાઈ રહ્યું છે. સામાન્ય રીતે આપણા દેશમાં ૧૨ મહિનામાં દર ચાર મહિને ૩ ઋતુનો અનુભવ થાય છે. જોકે, પશ્ચિમી દેશોની માફક દેશમાં પણ ગમે ત્યારે વરસાદ તો ગમે ત્યારે તાપમાનમાં વધારો થઈ જાય છે. ભારતની ભૌગોલિક સ્થિતિ પ્રમાણે ત્રણ ઋતુઓનું વારાફરતી અનુભવ થવો તે દરેક ક્ષેત્ર માટે અનિવાર્ય છે, પરંતુ જ્યાં ઓક્ટોબરમાં ઠંડીની શરૂઆત થવાની હોય, તેના બદલે હજુ સુધી કેટલાક જિલ્લાઓમાં ભારે વરસાદ વરસી રહ્યો છે, તો કેટલાક જિલ્લામાં અંગ દઝાડતી ગરમીનો અહેસાસ થઈ રહ્યો છે.૨૦૨૪માં ગુજરાતમાં કેટલાક જિલ્લાઓના મહત્તમ તાપમાને પાછલા કેટલાક વર્ષોના રેકોર્ડ તોડ્યા છે, ત્યારે આ વર્ષે ચોમાસું પણ સામાન્ય કરતાં ઘણું લાંબુ ચાલ્યું છે તથા હજુ પણ ગાજવીજ સાથે ભારે વરસાદ વરસી રહ્યા છે. જેને કારણે ખેતરમાં પાકને તો નુકસાન થયા જ છે, તેની સાથે સાથે રાજ્યમાં રહેવાસીઓના સ્વાસ્થ્ય ઉપર પણ ગંભીર અસરો થઈ છે. જ્યાં ઓક્ટોબર મહિનાના પ્રથમ પખવાડિયા બાદ ઠંડીની શરૂઆત થઈ જવી જોઈએ, ત્યાં હજુ પણ ૩૭ ડિગ્રી સેલ્સિયસ સુધી તાપમાન નોંધાઈ રહ્યું છે તથા વરસાદ અને ગરમીને કારણે બેવડી ઋતુનો અનુભવ થતાં સ્વાસ્થ્ય ઉપર તેની મોટી અસરો પડી રહી છે, ત્યારે હવામાન વિભાગ દ્વારા હજુ પણ ઓક્ટોબર મહિનાના અંત સુધીમાં રાજ્યના મોટાભાગના જિલ્લાઓમાં શિયાળાની શરૂઆતના કોઈ એંધાણ જણાઈ રહ્યા નથી.

ઉલ્લેખનીય છે કે, નૈઋત્યના ચોમાસાની વિદાય ૫ ઓક્ટોબર સુધીમાં થઈ જતી હોય છે, પરંતુ આ વર્ષે સામાન્ય કરતાં દસ દિવસ વધુ ચોમાસુ ચાલ્યું હતું. હવામાન વિભાગ અનુસાર દેશભરમાંથી ૧૪ ઓક્ટોબરે નૈઋત્યના ચોમાસા એ વિદાય લીધી હતી, પરંતુ તેમ છતાં હજુ પણ દક્ષિણ ગુજરાત તથા સૌરાષ્ટ્રના વિવિધ જિલ્લાઓમાં ગાજવીજ સાથે ભારે વરસાદ વરસી રહ્યો છે, જયારે ઉત્તર અને મધ્ય ગુજરાતના ભાગોમાં મહત્તમ તાપમાન દિવસને દિવસે વધી રહ્યું છે. એટલે કે વર્ષ ૨૦૨૪માં શિયાળો, ઉનાળો, ચોમાસુ અને ફરી એક વખત ઉનાળાની શરૂઆત થઈ હોય તેવી સ્થિતિ સર્જાઈ છે. આ વર્ષે ઓક્ટોબર મહિનામાં ગત વર્ષની સરખામણીમાં મહત્તમ અને લઘુત્તમ તાપમાન વધુ નોંધાયું છે. અમદાવાદ શહેરમાં ગત વર્ષની સરખામણીએ આ વર્ષે મહત્તમ તાપમાન વધુ રહેતા આ વર્ષનો ઓક્ટોબર મહિનો ગરમ રહ્યો છે.

### રિવરફ્રન્ટ પ્રોજેક્ટમાં આગામી સમયમાં અનેક આકર્ષણોનો વધારો થશે

# અમદાવાદીઓને રિવરફ્રન્ટ પર ફરવાનું મોંઘુ પડશે, એન્ટ્રી ફીમાં વધારો

## સાબરમતી રિવરફ્રન્ટ શહેરીજનો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે આ પાર્ક્સ અને ગાર્ડન્સ તેમજ અટલ બ્રિજમાં લોકો માટે સામાન્ય એન્ટ્રી ફી રાખવામાં આવેલી છે

અમદાવાદ, તા. ૨૧

સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ પ્રોજેક્ટ હંમેશા અમદાવાદના લોકો માટે પસંદગીનું સ્થળ રહ્યું છે. સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ દ્વારા લોકોના આનંદ માટે ઘણી જાહેર મનોરંજનની સુવિધાઓ બનાવવામાં આવી છે. સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ ૨૨ કિમી નદીના બંને કિનારે વિકસાવવામાં આવેલ એક અનેરું આકર્ષણ છે. સાબરમતી રિવરફ્રન્ટ પ્રોજેક્ટ અંતર્ગત અલગ અલગ ૬ પાર્ક્સ અને ગાર્ડન્સ આવેલા છે. જેમાં રિવરફ્રન્ટ વેસ્ટ બાજુ ઉસ્માનપુરા પાર્ક, બી જે પાર્ક, ફ્લાવર પાર્ક, બાયો ડાયવર્સિટી પાર્ક અને રિવરફ્રન્ટ ઈસ્ટ બાજુ સુભાષ બ્રિજ પાર્ક અને ચિલ્ડ્રન પાર્કનો સમાવેશ થાય છે. આ ઉપરાંત સરદાર બ્રિજ અને એલિસ બ્રિજ વચ્ચે પૂર્વ અને પશ્ચિમ કાંઠાને જોડતો અટલ ફૂટઓવર બ્રિજ બનાવવામાં આવેલો છે. સાબરમતી રિવરફ્રન્ટ શહેરીજનો માટે આકર્ષણનું કેન્દ્ર બન્યો છે. આ પાર્ક્સ અને ગાર્ડન્સ તેમજ અટલ બ્રિજમાં લોકો માટે સામાન્ય એન્ટ્રી ફી રાખવામાં આવેલી છે.આજદિન સુધીમાં અનેક મુલાકાતીઓએ સાબરમતી રિવરફ્રન્ટની મુલાકાત લીધેલી છે. રિવરફ્રન્ટ પ્રોજેક્ટમાં આગામી સમયમાં અનેક આકર્ષણોનો વધારો થશે, જેનાથી રિવરફ્રન્ટ પર આવનારા મુલાકાતીઓની સંખ્યામાં વધારો થશે. રિવરફ્રન્ટ પ્રોજેક્ટ અંતર્ગત આવેલ પાર્ક્સ અને ગાર્ડન્સ તેમજ અટલ બ્રિજની ટિકિટના ભાવમાં વધારો કરવામાં આવ્યો ન હતો.સાબરમતી રિવરફ્રન્ટ ડેવલપમેન્ટ કોર્પોરેશન લિમિટેડની ૨૧-૦૯-૨૦૨૪ના રોજ યોજાયેલ પ્રોજેક્ટ કમિટી તેમજ તારીખ ૧૫/૧૦/૨૦૨૪ના રોજ યોજાયેલી બોર્ડ મિટિંગ અંતર્ગત આ ટિકિટના દરમાં નજીવો વધારો કરવાનો નિર્ણય કર્યો છે.

### ગુજરાતની વિશિષ્ટ સ્થિતિને ધ્યાને લઈને રજુઆત

# વધુ નાણાં ફાળવવા સીએમ ભૂપેન્દ્ર પટેલની ૧૬માં ફાયનાન્સ કમિશનને રજૂઆત

## ૧૬માં ફાયનાન્સ કમિશનના અધ્યક્ષ ડો. અરવિંદ પનગઢિયાએ ગુજરાતની આર્થિક પ્રગતિની પ્રશંસા કરી

ગાંધીનગર, તા. ૨૧

૧૬મું ફાયનાન્સ કમિશન તારીખ ૧ એપ્રિલ ૨૦૨૬થી શરૂ થતા પાંચ વર્ષના સમયગાળાને આવરી લેતો અહેવાલ તારીખ ૩૧ ઓક્ટોબર ૨૦૨૫ના ઉપલબ્ધ કરાવવાનું છે. આ સંદર્ભમાં અહેવાલ આખરી કરતાં પહેલાં રાજ્યોની મુલાકાત લઈને સંબંધિત રાજ્યો સાથે વિસ્તૃત ચર્ચાઓ હાથ ધરવા ૧૬મું ફાયનાન્સ કમિશન ગુજરાતની મુલાકાતે આવેલું છે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ૧૬માં ફાયનાન્સ કમિશન સાથેની બેઠકમાં સ્પષ્ટ મત વ્યક્ત કર્યો હતો કે, ગુજરાત જેવાં જે રાજ્યો ફિસ્કલ પ્રુડન્ટ ડિસિપ્લિન્ડ રીતે જાળવે છે તેમને આ માટે કમિશન દ્વારા રીવોર્ડઝ મળવા જોઈએ. આના પરિણામે આવા રાજ્યોના જવાબદાર નાણાં વ્યવસ્થાપન અને શિસ્તબદ્ધ ખર્ચને ઓળખ મળશે એટલું જ નહીં, અન્ય રાજ્યો પણ આ માટે પ્રેરિત થશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે અન્ય એક મહત્વપૂર્ણ પહેલુ પ્રત્યે ફાયનાન્સ કમિશનનું ધ્યાન દોરતા કહ્યું કે, ગુજરાતમાં જે વિશિષ્ટ પરિસ્થિતિ છે તેને પણ આયોગે ફંડિંગ ફાળવણીમાં ધ્યાને લેવી જરૂરી છે. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ગુજરાતે પાછલા બે દશકમાં અસાધારણ વિકાસ કર્યો છે. ૨૦૦૧માં દેશના જીડીપીમાં ૬ ટકાથી વધુ યોગદાન આપનારૂ ગુજરાત નરેન્દ્રભાઈના દિશાદર્શનમાં આજે ૮.૫ ટકાથી વધુ યોગદાન આપે છે. ૧૬માં ફાયનાન્સ કમિશનના અધ્યક્ષ ડૉ. અરવિંદ પનગઢિયાએ ગુજરાતની આર્થિક પ્રગતિની પ્રશંસા કરતા કહ્યું કે, છેલ્લા દસ વર્ષમાં જ્યારે સમગ્ર દેશનો રીયલ જીડીપી ગ્રોથ રેટ એવરેજ ૬ ટકા જેટલો રહ્યો છે તેની સામે ગુજરાતનો રીયલ જીડીપી ગ્રોથ રેટ એવરેજ ૮.૫ ટકાનો છે.

આયોગના અધ્યક્ષ ડો. અરવિંદ પનગઢિયા તથા સભ્યોએ ગુજરાત મુલાકાત દરમિયાન ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ તથા નાણાં મંત્રી કનુભાઈ દેસાઈ, મુખ્ય સચિવ રાજકુમાર, મુખ્યમંત્રીના અગ્ર મુખ્ય સલાહકાર ડૉ. હસમુખ અઢિયા અને રાજ્ય સરકારના વરિષ્ઠ સચિવો સાથે બેઠક યોજી હતી.

### ઓફિસોમાં હેલ્મેટ ડ્રાઈવનું આયોજન કરાયું હતું

# હેલ્મેટના કડક કાયદા વચ્ચે ગુજરાતની સરકારી ઓફિસમાં હેલ્મેટ વગરના કર્મીઓ દંડાયા

## રાજકોટ મનપા કચેરીમાં પણ હેલ્મેટ વગરના કર્મીઓ પાસેથી રૂ.૫૦૦નો દંડ વસૂલાયો હતો

અમદાવાદ, તા.૨૧

ગુજરાત હાઈકોર્ટે તાજેતરમાં હેલ્મેટના કડક કાયદાનો અમલ કરાવવા રાજ્ય સરકારને ટકોર કરી હતી. જેને પગલે ગુજરાતની સરકારી ઓફિસોમાં હેલ્મેટ ડ્રાઈવનું આયોજન કરાયું હતું. જેમાં ગાંધીનગર સચિવાલય બહાર અને રાજકોટ મનપા કચેરીની બહાર અનેક કર્મીઓ હેલ્મેટ વગર ઝડપાતા તેમને દંડ ફટકારવામાં આવ્યો હતો.તાજેતરમાં ગુજરાત હાઈકોર્ટ દ્વારા હેલ્મેટના કાયદાનો કડક અમલ કરાવવા રાજ્ય સરકારને ટકોર કરવામાં આવી હતી. એને લઈને રાજ્ય સરકાર દ્વારા ૧૯ ઓક્ટોબર, ૨૦૨૪ના રોજ પરિપત્ર બહાર પાડીને સરકારી કર્મચારીઓ માટે હેલ્મેટ ફરજિયાત કરવામાં આવ્યું છે. આ કાયદાનો આજથી (૨૦ ઓક્ટોબર) જ અમલ શરૂ કરવામાં આવ્યો હતો, જેમાં ગુજરાતભરની સરકારી કચેરીમાં પોલીસ દ્વારા હેલ્મેટ ડ્રાઈવ યોજાઈ રહી છે. ગાંધીનગર સચિવાલય ગેટ બહાર પોલીસ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરાયું હતું, જેમાં અનેક હેલ્મેટ વગરના કર્મચારીઓ દંડાયા હતા. આજ પ્રકારે રાજકોટ મનપા કચેરીમાં પણ હેલ્મેટ વગરના કર્મીઓ પાસેથી રૂ.૫૦૦નો દંડ વસૂલાયો હતો.આજે ગાંધીનગર સચિવાલય ગેટની બહાર પોલીસ દ્વારા સઘન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. ઓફિસ અવર્સમાં પોલીસ દ્વારા સચિવાલયના ગેટની બહાર કાર્યવાહી કરવામાં આવતાં ઘણા-ખરા કર્મચારીઓ હેલ્મેટ પહેર્યા વગરના મળ્યા હતાં, જેમની સામે નિયમ મુજબ પોલીસ દ્વારા દંડાત્મક કાર્યવાહી પણ કરવામાં આવી હતી. જોકે સરકારે પરિપત્રને લીધે જે-તે વિભાગના વડાઓએ પોતાના કર્મચારીઓને અગાઉથી જ સૂચનાઓ મોકલી આપવામાં આવી હતી, એને લઈને મોટા ભાગના કર્મચારીઓ આજે હેલ્મેટ પહેરેલા જોવા મળ્યા હતા.બીજી તરફ પોલીસ દ્વારા ૨૫મી ઓક્ટોબર સુધી ખાસ ટ્રાફિક ડ્રાઈવ પણ યોજવામાં આવી છે. જે અન્વયે શહેરના મહત્ત્વના સર્કલ, હાઈવે-રોડ પર પણ પોલીસ સઘન ચેકિંગ કરી ટ્રાફિકના નિયમોનો ભંગ કરતા વાહનચાલકો સામે કાર્યવાહી કરી રહી છે.આ સાથે રાજકોટ મહાનગરપાલિકા સહિતની સરકારી કચેરીઓ ખાતે સવારથી જ ટ્રાફિક પોલીસ અને ટ્રાફિક બ્રિગેડની ટીમો તહેનાત કરવામાં આવી હતી. મનપા કચેરીએ આવતા તમામ વાહનચાલકોને રોકવામાં આવ્યા હતા તેમજ અરજદારોને છોડી સરકારી નોકરી કરતા કોર્પોરેશનના હેલ્મેટ પહેર્યા વિના આવેલા કર્મચારીઓ પાસેથી સ્થળ પર જ રૂ. ૫૦૦નો દંડ વસૂલવામાં આવ્યો હતો.ટ્રાફિક-પોલીસ દ્વારા હેલ્મેટ વગરના કર્મચારીઓ પાસેથી દંડ વસૂલવામાં આવતાં ક્યાંક કચવાટ જોવા મળ્યો હતો. જોકે પોતે સરકારી કર્મચારી હોવાથી કંઈપણ બોલ્યા વિના તમામ લોકોએ નિયમ મુજબ દંડ ભર્યો હતો, સાથે હવેથી હેલ્મેટ પહેરી વાહન ચલાવવાની ખાતરી આપી હતી. સરકાર દ્વારા સૌપ્રથમ સરકારી કર્મચારીઓ માટે આ કાયદો લાવવામાં આવ્યો છે. ત્યારે આગામી સમયમાં સામાન્ય લોકો માટે પણ હેલ્મેટ ફરજિયાત કરવામાં આવે એવી શક્યતા છે.ઉલ્લેખનીય છે કે રાજકોટ પોલીસ કમિશનર કચેરીએ તેમજ પોલીસ હેડક્વાર્ટરમાં ઘણા સમયથી પોલીસના કર્મચારીઓ સહિત મુલાકાતીઓ માટે પણ ફરજિયાત હેલ્મેટના કાયદાનો અમલ કરવામાં આવી રહ્યો છે.

પોલીસ કમિશનર કચેરીમાં હેલ્મેટ પહેર્યા વિના આવતા તમામ લોકોને ઈ-મેમો દ્વારા દંડ ફટકારવામાં આવી રહ્યો છે. ત્યારે આગામી સમયમાં અન્ય તમામ સરકારી કચેરીઓમાં પણ સીસીટીવી કેમેરાનાં માધ્યમથી દંડનો પ્રારંભ કરવામાં આવે એવું લાગી રહ્યું છે.

### ન્યૂઝીલેન્ડ સામે બદલો લેશે ટીમ ઈન્ડિયા!

# પૂણેની પિચ પર વિરાટ અને અશ્વિનનો હશે મહત્ત્વપૂર્ણ રોલ

## ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ૩ મેચની ટેસ્ટ સીરિઝની બીજી મેચ ૨૪ ઓક્ટોબર પુણેના MCA સ્ટેડીયમમાં રમાશે

પુણે, તા.૨૧

ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે ૩ મેચની ટેસ્ટ સીરિઝની બીજી મેચ ૨૪ ઓક્ટોબર પુણેના MCA સ્ટેડીયમમાં રમાશે. ન્યૂઝીલેન્ડની ટીમ ૩ મેચની ટેસ્ટ સીરિઝમાં ૧-૦થી આગળ ચાલી રહી છે. ભારતને હવે સીરિઝમાં પુનરાગમન કરવા માટે બીજી ટેસ્ટમાં કોઈપણ રીતે જીતવું જ પડશે. પુણેના MCA સ્ટેડીયમને લઈને ચાહકોમાં ઉત્સુકતા છે કે, આ પીચ પર સ્પીન બોલર કે પછી બેટરને વધુ ફાયદો થશે. પીચને લઈને અત્યારે જે અપડેટ મળી રહી છે તે અનુસાર ભારતીય સ્પીનર અશ્વિન અને બેટર વિરાટ કોહલી ખૂશ થઈ શકે છે. પુણેના MCA સ્ટેડીયમની પીચ પર ઝડપી બોલરોને વધુ મદદ મળે તેવી શક્યતા નથી. પુણેની પીચની પ્રકૃતિ એવી છે કે અહીં ઉછાળ અને ગતિ સામાન્ય રહે છે. આ સ્થિતિમાં બોલ સરળતાથી બેટમાં આવે છે. બેટરને અહીં શોટ મારવામાં કોઈ સમસ્યાનો સામનો કરવો પડશે નહીં. આ સિવાય સ્પિન બોલરોને પણ અહીં ઘણી મદદ મળી શકે છે.

અહીંની પીચ બનાવવામાં કાળી માટીનો ઉપયોગ કરવામાં આવે છે. અહીંની પીચ ટેસ્ટ મેચના પહેલા બે દિવસ બેટિંગ માટે ઘણી મદદરૂપ થશે. જે પણ ટીમ ટોસ જીતશે તે પહેલા બેટિંગ કરવા માંગશે. પહેલા બે દિવસ પુણેની પીચ પર સારો સ્કોર કરી શકાય છે. ત્રીજા દિવસથી સ્પિન બોલરોને અહીંથી મદદ મળવાનું શરુ થઈ શેક છે. પુણેની ટેસ્ટમાં વિરાટ કોહલી અને રવિચંદ્રન અશ્વિનની મોટી ભૂમિકા હશે. આ સ્ટેડિયમમાં અત્યાર સુધીમાં માત્ર બે ટેસ્ટ મેચનું આયોજન કરવામાં આવ્યું છે. ભારતે અહીં ૨૩-૨૫ ફેબ્રુઆરી ૨૦૧૭ દરમિયાન ઓસ્ટ્રેલિયા સામે ટેસ્ટ મેચ રમી હતી. આ મેચમાં કાંગારૂ ટીમે ભારતને ૩૩૩ રનથી હરાવ્યું હતું. આ પછી ભારત અને દક્ષિણ આફ્રિકા વચ્ચે ૧૦ થી ૧૩ ઓક્ટોબર ૨૦૧૯ દરમિયાન અહીં બીજી ટેસ્ટ મેચ રમાઈ હતી. ભારતે આ મેચ એક ઈનિંગ અને ૧૩૭ રને જીતી લીધી હતી. આ મેચમાં વિરાટ કોહલીએ ૨૫૪ રનની શાનદાર ઈનિંગ રમી હતી. જ્યારે રવિચંદ્રન અશ્વિને આ મેચમાં કુલ ૬ વિકેટ લીધી હતી. ભારત અને ન્યુઝીલેન્ડના ક્રિકેટ મેચના રેકોર્ડની વાત કરીએ તો આમાં ભારતીય ટીમ આ બાબતમાં આગળ છે. બંને ટીમો વચ્ચે અત્યાર સુધીમાં કુલ ૬૩ ટેસ્ટ મેચ રમાઈ છે. તેમાંથી ૨૨ મેચમાં ભારત અને ૧૪ મેચમાં ન્યૂઝીલેન્ડે જીત મેળવી હતી. અને ૨૭ ટેસ્ટ મેચનું પરિણામ ડ્રો રહ્યું છે. ભારતે તેની ધરતી પર ન્યૂઝીલેન્ડ સામે ૧૭ ટેસ્ટ જીતી છે. ઘરઆંગણે ભારત ન્યૂઝીલેન્ડ સામે એક પણ ટેસ્ટ સીરિઝ હર્યું નથી. બંને ટીમો વચ્ચે રમાયેલી દરેક ટેસ્ટ સીરિઝમાં ભારતનો દબદબો રહ્યો છે. ન્યુઝીલેન્ડ સામે ભારતે ૧૨ ટેસ્ટ સીરીઝ જીતી છે, જ્યારે કીવી ટીમે ૭ ટેસ્ટ સીરીઝમાં ભારતને હરાવ્યું છે. જેમાં વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપની પહેલી આવૃત્તિની અંતિમ મેચનો પણ સમાવેશ થાય છે. જેમાં ન્યૂઝીલેન્ડે ઈંગ્લેન્ડમાં ભારતને હરાવીને પહેલી વખત વર્લ્ડ ટેસ્ટ ચેમ્પિયનશીપ જીતી હતી.

### ઈકો સેન્સિટીવ ઝોન વિરુદ્ધ ખેડૂતોનો રોષ ઉગ્ર

# ઈકો સેન્સિટીવ ઝોન લાગુ ન કરવા ખેડૂતો લડી લેવાના મૂડમાં

## ઈકો સેન્સિટીવ ઝોન મામલે કાયદાના વિરોધમાં મળ્યું સંમેલન : ખુદ ભાજપના જ નેતાઓ તેમાં સામેલ થયા

ગીર સોમનાથ, તા.૨૧

ઈકો સેન્સિટીવ ઝોન મુદ્દે શરૂ થયેલો વિવાદ બંધ થવાનું નામ નથી લઈ રહ્યો. ઈકો સેન્સિટીવ ઝોન લાગુ ન થાય તે માટે ખેડૂતો હવે લડી લેવાના મૂડમાં છે. ઈકો સેન્સિટીવ ઝોન વિરુદ્ધ ખેડૂતોનો રોષ ઉગ્ર બની રહ્યો છે. ત્યારે ગીર-સોમનાથના તાલાલા મેન્ગો માર્કેટ ખાતે કિસાન સંઘ દ્વારા ઈકો ઝોનના વિરોધમાં સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ગીર-સોમનાથ અને જુનાગઢ જિલ્લાના સરપંચોથી લઈ સાંસદ સુધીના સભ્યો ઉપસ્થિત રહ્યા હતા. ખુદ ભાજપના જ નેતાઓ તેમાં સામેલ થયા. જિલ્લા ભાજપ પ્રમુખ મહેન્દ્ર પીઠીયા, સાંસદ રાજેશ ચુડાસમા તેમજ પૂર્વ ધારાસભ્ય હર્ષદ રીબડીયાએ પણ હાજરી આપી. ઈકો ઝોનના કાયદા સામે કેવી રીતે લડવું ? કઈ રીતે તેને પાછો ધકેલવો. તે મુદ્દાઓ પર ચર્ચા થઈ હતી. એક જ માંગ છે કે ઈકો સેન્સિટીવ ઝોન નાબૂદ કરાય અને સૌથી પહેલાં ખેડૂતોને સમજાય તેવી ભાષામાં સ્પષ્ટીકરણ થાય. ઈકો સેન્સિટીવ ઝોનને ખેડૂતો ''મોટા માથાઓને બચાવવવા ખેલ'' ગણાવી રહ્યા છે. જ્યાં સિંહની અવરજવર જ નથી તેવા ગામોને ઈકો સેન્સિટીવ ઝોનમાં આવરી લેવાયા છે. અને ગીરનું હૃદય ગણાતા સાસણ કે જ્યાં સિંહની વધારે વસ્તી છે તેને જ બકાત રખાયું છે ! ખેડૂતોનો આક્ષેપ છે કે સરકારે તો જંગલો ક્યારનાય ઉજાડી દીધાં છે અને સિંહો ખેડૂતોના લીધે જ બચ્યા છે અને હવે સરકાર ખેડૂતો ઉપર પણ તવાઈ લાવવા માંગે છે.

આ મુદ્દે રાજ્ય સરકારથી લઈ કેન્દ્ર સરકાર સુધી રજૂઆતની તૈયારીઓ કરી લેવાઈ છે. વધુમાં વધુ લોકો મેઈલ કરીને આ રજૂઆત પહોંચાડે તેવાં પણ પ્રયાસો હાથ ધરાયા છે. જો ઈકો ઝોનનો નિર્ણય પાછો ન લેવાયો તો આગામી દિવસોમાં ઉગ્ર આંદોલનથી લઈ ચૂંટણીના બહિષ્કારની પણ ચીમકી અપાઈ છે. આક્ષેપ છે કે જો ઈકો ઝોન લાગુ થયો તો ખેડૂતો પાયમાલ થઈ જશે.

### રશિયાનું ભારતને સમર્થન

# UNSCમાં ભારતને કાયમી સભ્યપદ મળવું જોઈએ

મોસ્કો, તા.૨૧

રશિયન વિદેશ મંત્રી સર્ગેઈ લાવરોવે કહ્યું કે રશિયાનું માનવું છે કે ભારત, બ્રાઝિલ અને આફ્રિકી દેશોને સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદમાં સ્થાયી પ્રતિનિધિત્વ મળવું જોઈએ. 'ભારત, બ્રાઝિલની સાથે-સાથે આફ્રિકી દેશોને ઘણા સમય પહેલા સુરક્ષા પરિષદમાં સ્થાયી પ્રતિનિધિત્વ મળવું જોઈતું હતુ. આ દેશોમાં દુનિયાની મોટી વસતી રહે છે, જેનું પ્રતિનિધિત્વ નક્કી કરવું જરૂરી છે. ભારત સુરક્ષા પરિષદના સ્થાયી અને અસ્થાયી સભ્યોની સંખ્યા વધારવા સહિત વિભિન્ન સુધારા માટે વર્ષોથી કરવામાં આવી રહેલા પ્રયત્નોમાં સૌથી આગળ રહ્યું છે. ભારતનું કહેવું છે કે ૧૯૪૫માં સ્થાપિત ૧૫ દેશોની સુરક્ષા પરિષદ ૨૧ મી સદીના હેતુ માટે યોગ્ય નથી અને સમકાલીન ભૂ-રાજકીય વાસ્તવિકતાઓને પ્રતિબિંબિત કરતી નથી.ભારતનું કહેવું છે કે તે પણ સુરક્ષા પરિષદનું સ્થાયી સભ્ય બનવાનું હકદાર છે. ગયા મહિને, બ્રિટનના વડાપ્રધાન કીઅર સ્ટાર્મર, અમેરિકી રાષ્ટ્રપતિ જો બાઈડન અને ફ્રાંસના પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોએ સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદ એટલે કે યુએનએસસીમાં સ્થાયી સદસ્યતાના ભારતના દાવાનું સમર્થન કર્યું હતું.ભારત ૨૦૨૧-૨૨માં સંયુક્ત રાષ્ટ્ર સુરક્ષા પરિષદનું સ્થાયી સભ્ય બન્યુ હતુ. સમકાલીન વૈશ્વિક વાસ્તવિકતાને પ્રતિબિંબિત કરવા માટે સ્થાયી સભ્યોની સંખ્યા વધારવાની માગ વધી રહી છે.

### રૂા.૭૦૦૦/- ની મર્યાદામાં બોનસ ચુકવાશે

# રાજય સરકારના વર્ગ-૪ ના કર્મચારીઓને દિવાળીની ભેટ

## વર્ગ-૪ના અંદાજે ૧૭,૭૦૦થી વધુ કર્મીઓને લાભ મળશે

અમદાવાદ, તા.૨૧

રાજ્ય સરકારે વર્ગ ૪ના કર્મચારીઓને દિવાળી પહેલા જ ભેટ આપી દીધી છે. આગામી સમયમાં આવી રહેલા દિવાળીના તહેવારોને ધ્?યાનમાં લઈને વર્ગ-૪ ના કર્મચારીઓ ઉત્સાહપૂર્વક દિવાળી ઉજવી શકે તે માટે રૂપિયા ૭૦૦૦ ની મર્યાદામાં બોનસ આપવાનો રાજય સરકારે નિર્ણય કર્યો છે. વર્ગ-૪ના અંદાજે ૧૭,૭૦૦થી વધુ કર્મીઓને લાભ મળશે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે આગામી દિવાળીના તહેવારો વર્ગ-૪ના કર્મચારીઓ ઉત્?સાહપૂર્વક ઉજવી શકે તે માટે રૂપિયા ૭૦૦૦ હજારની મર્યાદામાં એડહોક બોનસ આવા વર્ગ-૪ના કર્મચારીઓને આપવાનો નિર્ણય કર્યો છે. મુખ્યમંત્રીએ રાજ્ય સરકારના નાણાં વિભાગને આ અંગેના જરૂરી આદેશો કરવાના દિશાનિર્દેશો પણ આપ્યા છે. યાદીમાં વધુમાં જણાવાયાનુસાર રાજય સરકારે વર્ગ-૪ના કર્મચારીઓને સાત હજારની મર્યાદામાં બોનસ આપીને દિવાળીની ભેટ આપી છે. આનો લાભ બોર્ડ નિગમના વર્ગ-૪ ના કર્મીઓને થશે. અંદાજે રૂા.૭૦૦૦ની મહત્તમ મર્યાદામાં બોનસનો વર્ગ-૪ના અંદાજે ૧૭,૭૦૦થી વધુ કર્મચારીઓને લાભ મળશે.

# અમરેલી : સારહિ તપોવન આશ્રમ ખાતે શરદપૂનમની રઢિયાળી રાત્રે તપસ્વીઓની વચ્ચે ખેલૈયાઓએ રાસની રમઝટ બોલાવી



અમરેલી શરદપૂનમની રઢિયાળી રાત્રે સારહિ તપોવન આશ્રમના સ્વપ્નદ્રષ્ટા મુકેશભાઈ સંઘાણીનાં નેતૃત્વમાં તપસ્વીઓની સંગાથે ઈફકો / ગુજકોમાસોલના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, ગુજરાત સરકારનાં નાયબ દંડક કૌશીકભાઈ વેકરીયા, પ્રદેશ કિસાન મોરચાના મહામંત્રી હિરેનભાઈ હિરપરા, જીલ્લા ખરીદ વેચાણ સંઘના ચેરમેન જેન્તીભાઈ પાનસુરીયા, માર્કેટીંગ યાર્ડના ચેરમેન શૈલેષભાઈ સંઘાણી, બીપીનભાઈ જોષી, વનરાજભાઈ કોઠિવાળ, રમેશભાઈ કાથરોટીયા, પ્રાગજીભાઈ કાલરીયા, ધીરૂભાઈ વાળા, નીતેશભાઈ ડોડીયા, અમરેલી શહેર / તાલુકાના ખેલૈયાઓ ઝુમી ઉઠયા હતા. સારહિ તપોવન આશ્રમ ખાતે શરદપૂનમની રાત્રે માતાજીની આરાધના કરી ખેલૈયાઓ ઝુમી ઉઠયા હતા. સારહી તપોવન આશ્રમ ખાતે શરદપુનમની રાત્રે માતાજીની આરાધના કરી ખેલૈયા, બાળો, યુવાનો, વડીલો, તપસ્વીઓ રાસ રમ્યા હતા. સોળે કળાએ ખિલેલા ચંદ્રના અજવાળે શરદપૂનમની ઉજવણી કરી હતી. અને છેલ્લે દૂધ – પૌઆ આરોગી અને ખેલૈયાઓને ઈનામો અર્પણ કર્યા હતા. આ કાર્યક્રમમાં તપોવન આશ્રમનું પટાંગણ ટુંકુ પડયું હથું. તેટલો નગરજનોએ આ કાર્યક્રમ માણ્યો હતો. આ તકે સારહી પરિવારના સભ્યો, નગરપાલીકાનાં સભ્યો, શહેર તેમજ તાલુકા વિવિધ સંસ્થાઓના સભ્યો અલગ – અલગ જ્ઞાતિના આગેવાનો સહિત નગરજનોએ ઉપસ્થિત રહી કાર્યક્રમને દિપાવ્યો હતો. તેમ સારહી તપોવન આશ્રમની યાદી જણાવે છે.

પાના ૧ ઉપરનું ચાલું

## અમરેલી જિલ્લામાં ખેતીપાકોને

રવિ પાકના વાવેતર કરવા મુશ્કેલ બન્યા છે સરકાર ખેડૂતોને વ્હારે આવે તેવી માંગ ખેડૂતો કરી રહ્યા છે.

**બાબરા**

બાબરા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા બે ચાર દિવસથી કમોસમી વરસાદના કારણે ખેડૂતોની માઠી બેઠી છે. કારણે આકરી મજૂરી અને મહેનત કરી તૈયાર કરેલ પાક પાછોતરા વરસાદના કારણે પલળી જતા ખૂબ નુકસાન થયું છે. કશુંજ હાથમાં નહિ આવ્યું હોવાનું ખેડૂતોએ વસવસો વ્યકત કરતા જણાવ્યું હતું.

બાબરા તાલુકાના ચમારડી, દરેડ, લુણકી, ધરાઈ, વાવડી, ઉંટવડ, ચરખા, ખાખરીયા, જામબરવાળા સહિતના લગભગ ગામડાઓમાં છેલ્લા બે દિવસથી જે રીતે વરસાદપડી રહ્યો જાણે વરસાદની મોસમ હોય આસો મહિનામાં આષાઢી માહોલ સર્જાયો છે, નદી નાળા અને ખેતરમાં પાણી ભરાયા છે.

હાલ નવરાત્રી પછી કપાસ, મગફળીના પાક તૈયાર થઈ જતો હોય છે જેમાં ઓરવેલા પાક પણ આવી જતા હોય છે. દિવાળી આવતા ખેડૂતો યાર્ડમાં વેચાણ માટે લાવતા હોય છે જેથી તેઓ દિવાળીના તહેવારની ખરીદી કરી શકે તેમજ દાડિયા અને અને ભાગિયાને રૂપિયા આપી શકે તેમજ દિવાળી બાદ આવતા લગ્ન પ્રસંગ સહિત અન્ય વ્યવહાર પણ કરી શકે તેવા આયોજન ખેડૂતો કરતા હોય છે પણ કમોસમી વરસાદે ખેડૂતોની મનસૂબા પર પાણી ફેરવી નાખ્યું.

બાબરા તાલુકાના ચમારડી ગામે બે દિવસથી ત્રણથી ચાર ઈંચ જેટલો વરસાદ વરસી ગયો હતો જેના કારણે અહીં ગામની સ્થાનિક નદીમાં ઘોડાપુર આવ્યું હતું અને અહીં રોડપર આવતા કોઝવેમાં પાણી આવી જતા માર્ગ પણ બંધ થયો હતો. પણ સૌથી અહીં ગામના ખેડૂતોને થયું છે ચમારડી ગામમાં પણ અન્ય ગ્રામ્ય વિસ્તારના ખેડૂતોની જેમ ખેતરમાં મગફળીના પાથરા પડયા છે અને કપાસનો ઉભો ફાળ છે પણ વરસાદના કારણે પાથરા પલળી જતા મગફળી કાળી પડી જતા પાણીમાં તણાય ગઈ છે તો કપાસનો બધો ફાલ ખરી ગયો છે.

આ ગામમાં મોટા ખેડૂત ખાતેદાર મનુભાઈ શેલિયાએ જણાવ્યું હતું ગામમાં વરસાદના કારણે પાંચ વિઘા ખાતેદારથી મોટા ખાતેદાર સુધીના ખેડૂતોને ખૂબજ નુકસાન થયું છે. ગામના ખેડૂત તુલસીભાઈ શેલિયાએ જણાવ્યું હતું કે, પોતાને ૧૦૦ વિઘા જમીનમાં મગફળીનું વાવેતર કર્યુ હતું પણ કમોસમી વરસાદના કારણે બધી મગફળી નિષ્ફળ જતા મોટું આર્થિક નુકસાન આવ્યું છે.

મનુભાઈ શેલિયાએ જણાવ્યું હતું કે, પોતાને ૧૪૫ વિઘા જમીન છે જેમાં ૯૦ વિઘામાં કપાસ અને અને ૫૫ વિઘામાં મગફળી વાવેલ હતી પણ આ વરસાદે એવો વિનાશ કર્યો કે બધું ખેદાન મેદાન કરી દીધું માણસના હાથમાં તો કહી નહિ આવે પણ મગફળી માં નુકસાનના કારણે પાલો પણ નહીં રહેતા મુંગા પુશુઓનું પણ કહી રહ્યું નથી.

વધુમાં તેમણે જણાવ્યું હતું કે, કમોસમી વરસાદ અને માવઠા ઘણા જોયા પણ આસો મહિનામાં આવો વરસાદ જીવનમાં પહેલી વાર જોયો કે બધું પૂરૂં થઈ જાય ખેડૂતોના હાથમાં કહી ના રહે આ રીતે કુદરત રૂઠયો ? તેવો વસવસો વ્યકત કર્યો હતો.

ખેડૂતોને જે નુકસાન થયુંછે તેનો ચોક્કસ આંકડો માંડવો તે કહી ના શકાય પણ તાલુકાના એક પણ ખેડૂતોને પોતાના પાક રહ્યો નથી જેથી ખેડૂતોને સંતોષ થાય તે રીતે કેન્દ્ર અને રાજય સરકાર સ્પે. પેકેજ જાહેર કરે કે તો ખેડૂતોને રાહત મળે તેવી શકયતા છે. હાલ પ્રધાનમંત્રી ફસલ યોજના હેઠળ બે હેકટર સહાય મળે છે પણ બે હેકટરથી વધુ હેકટરમાં ખેડૂતોને નુકસાન થયું છે તેવા ખેડૂતોને સહાય માટે શું કરવાનું, કોને કહેવા નું આવા વેધક સવાલ પણ ખેડૂત મનુભાઈ શેલિયાએ કર્યા હતા.

બાબરા પંથકના તમામ ખેડૂતોની કમોસમી વરસાદના કારણે દયનિય પરિસ્થિતિ છે અને હજુ આગામી દિવસોમાં વરસાદનું જોર હવામાન વિભાગ અને આગાહીકારો બતાવી રહ્યા છે ત્યારે હજુ કેટલું નુકસાન ખેડૂતોને થશે તે કહેવું અસ્થાને છે.

## અમરેલી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શિંગ મઠડી | ૮૦૦ | ૧૧૦૦ |
| ૨ | શિંગ મોટી | ૮૨૫ | ૧૨૨૩ |
| ૩ | શિંગાદાણા ફાડા | ૯૨૦ | ૧૨૯૦ |
| ૪ | તલ સફેદ | ૧૭૮૫ | ૨૬૧૦ |
| ૫ | તલ કાળા | ૨૬૭૦ | ૩૮૧૨ |
| ૬ | તલ કાશ્મીરી | ૩૦૦૦ | ૩૦૦૦ |
| ૭ | બાજરો | ૩૩૩ | ૪૪૯ |
| ૮ | ઘઉં ટુકડા | ૪૩૧ | ૬૭૦ |
| ૯ | ઘઉં લોકવન | ૪૧૦ | ૬૩૫ |
| ૧૦ | મગ | ૭૦૦ | ૨૧૩૫ |
| ૧૧ | અડદ | ૮૦૦ | ૧૫૨૬ |
| ૧૨ | ચણા | ૯૯૫ | ૧૫૧૫ |
| ૧૩ | તુવેર | ૧૪૧૫ | ૧૬૫૦ |
| ૧૪ | વાલ | ૧૭૩૦ | ૧૮૭૫ |
| ૧૫ | કપાસ | ૮૫૦ | ૧૬૪૮ |
| ૧૬ | જીરૂ | ૪૦૦૦ | ૪૪૯૦ |


## જાહેર નોટિસ

આથી હું નીચે સહી કરનાર **શ્રી વિમલ પી. પોપટ (એડવોકેટ)** અમરેલીના તે અમારા અસીલ **અલ્ફીના અકમભાઈ કાસમાણી**, રહે. સવજીપરા રોડ, મિલન ટ્રાન્સપોર્ટ પાસે, મુ.અમરેલી, તા.અમરેલી, જિ. અમરેલી વાળા ની મળેલ સુચના અને ફરમાઈસ અનુસાર આ જાહેર નોટીસ આપી જણાવવાનું થાય છે કે,

અમારા અસીલ કે જેઓ અમરેલી જીલ્લાના અમરેલી તાલુકાનાં અમરેલી ગામે રહે છે અને તેઓના અમરેલી જિલ્લાના અમરેલી ગામે સર્વે નં.૮૭ પૈકી, શીટ નં.: ૫૪, સીટી સર્વ નં.૧૪૬૪ પૈકી વાળી મિલ્કત જેનું કુલ ક્ષેત્રફળ ૪૨–૩૧ ચો.મી. વાળી મિલ્કતનો ઉતરોતર રજી. વેચાણ દસ્તાવેજ નં. ૧૯૧૭, તા. ૧૯/૦૭/૨૦૦૪, જે **નિર્મળાબેન બાબુલાલ સેદાણી** વાળાઓએ **કનૈયાલાલ જગજીવનદાસ આશર** પાસેથી ખરીદ કરેલ મિલ્કતનો દસ્તાવજેની અસલપ્રત હાલ અમારા અસીલ કે તેઓને મિલ્કત વેચનાર પાસે હાલ ઉપલબ્ધ ન હોય, આમ ઉપરોકત વિગતવાળી મિલ્કતનો ઉતરોતર દસ્તાવેજ અમોના અસીલ પાસેથી હાલ મળી આવેલ નથી. આ દસ્તાવેજો જો કોઈના કબજા હેઠળ રહેલો હોય અગર તો આ દસ્તાવેજનો આધાર રાખી કોઈ ત્રાહીત ઈસમે વ્યકિત, સંસ્થા કે મંડળી અગર તો બેંકે તેના ઉપર તારણ ઉપસ્થિત કરેલ હોય અગર તો ઉપરોકત વિગતવાળી મિલ્કત પરત્વે કોઈપણ ઈસમને કંઈપણ પ્રકારનો લાગભાગ – હક્ક – હિત કે હિસ્સો ધરાવતા હોય અગર તો આ મિલ્કત ઉપર તારણ ઉપસ્થિત કરવા સંબંધે કોઈપણ ઈસમને વાંધો, તકરાર કે વચકો રહેલો હોય તો તેઓએ દિન–૭ માં નીચેના સરનામે લેખીતમાં જણાવશો અન્યથા આ મિલકત સંપૂર્ણ ટાઈટલ કલીયર કબજા ભોગવટા સાથેની હોવાની માની અમારા અસીલ આ મિલ્કત સંબંધેનો આગળનો વ્યવહાર કરશે અને કોઈનો વાંધો તકરાર કે હરકત રહેલ નથી તેમ માની અગર તો તેઓએ વેવ કરેલ છે તેમ માની આગળની કાર્યવાહી કરશે જેથી આ નોટીસ પ્રસિધ્ધ થયાના મુદ્દત સમય બાદ કોઈપણ ઈસમનો વાંધો, તકરાર કે હરકત ગ્રાહય રાખવામાં આવશે નહીં તેની જાહેર જનતાએ નોંધ લેવી.

**વિમલ પી. પોપટ (એડવોકેટ)**
સેવાસદનથી સીવીલ હોસ્પિટલ રોડ, જીલ્લા પંચાયત ઓફીસ પાછળ, અમરેલી– ૩૬૫૬૦૧ મો.નં. : ૯૪૨૮૭ ૯૩૪૨૦


## બાબરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ શંકર | ૧૩૯૦ | ૧૬૧૦ |
| ૨ | કપાસ કોડી | ૧૦૦૦ | ૧૨૪૦ |
| ૩ | મગફળી નવી | ૯૨૬ | ૧૧૬૪ |
| ૪ | મગ | ૧૩૭૦ | ૧૫૮૦ |
| ૫ | અડદ | ૧૩૩૦ | ૧૫૦૦ |
| ૬ | ઘઉં | ૪૮૯ | ૬૫૧ |
| ૭ | સોયાબીન | ૭૬૫ | ૭૯૫ |
| ૯ | તલ સફેદ | ૨૦૯૦ | ૨૪૫૦ |
| ૧૦ | જીરૂ | ૩૯૭૦ | ૪૫૩૦ |

## સાવરકુંડલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ જીણી | ૭૦૦ | ૮૨૫ |
| ૨ | શીંગ મોટી | ૮૦૦ | ૧૧૫૧ |
| ૩ | તલ સફેદ | ૧૭૦૦ | ૨૫૦૦ |
| ૪ | જીરૂ | ૩૮૫૦ | ૪૬૭૫ |
| ૫ | કપાસ | ૧૨૦૦ | ૧૬૨૫ |
| ૬ | ઘઉં લોકવન | ૪૯૮ | ૬૦૦ |
| ૭ | ઘઉં ટુકડા | ૫૦૦ | ૬૩૦ |
| ૮ | બાજરો | ૪૧૭ | ૫૦૦ |
| ૯ | મકાઈ | ૫૩૬ | – |
| ૧૦ | મગ | ૧૧૩૧ | – |
| ૧૧ | અડદ | ૧૨૦૦ | ૧૮૦૦ |
| ૧૨ | ચણા | ૧૨૦૦ | ૧૩૨૫ |
| ૧૩ | તુવેર | ૧૭૪૦ | ૧૮૦૦ |
| ૧૪ | ધાણા | ૧૦૦૦ | ૧૩૦૧ |
| ૧૫ | સોયાબીન | ૭૦૩ | ૮૩૦ |


## જાહેરાત
### ''ના વાંધા પ્રમાણપત્ર''(એન.ઓ.સી.)બાબતે જાહેર

આથી જાહેરાત આપવામાં આવે છે કે અમો પ્રમુખ/મંત્રીશ્રી શ્રી ટીંબલા પિયત સહકારી મંડળી લી. મુ. ટીંબલા, તા.જી. અમરેલી, ની હાલનું કાર્યક્ષેત્ર અમરેલી જીલ્લાના ટીંબલા ગામ પુરતુ હોય પરંતુ સહકારી પ્રવૃતીનો વ્યાપ વધારવા અને સભાસદોની માંગણી તથા વર્તમાન સમય મુજબ અમારી મંડળીનું કાર્યક્ષેત્ર અમરેલી જિલ્લાના અમરેલી તાલુકા અને તમામ ગામો પુરતુ વધારવા માંગતા હોય જેથી પેટાનિયમમાં કાર્યક્ષેત્રના સુધારા બાબતે શ્રી રજિસ્ટ્રાર સાહેબ, સહકારી મંડળીઓ અમરેલીને દરખાસ્ત કરવામાં આવનાર હોય જેથી આ માટે આથી સુધારવા ધારેલ જિલ્લામાં આવાજ પ્રકારની તમામ શરાફી મંડળીઓ "ના વાંધા પ્રમાણપત્ર"(એન.ઓ.સી.) મેળવવાનાં થતા હોય, જેથી આ આ મંડળીના પેટાનિયમના કાર્ય વિસ્તારના સુધારા સામે જો કોઈ વાંધા/સુચનો હોય તો જાહેરાતની તારીખથી દિન–૧૦ માં અમોને નીચેનાં સરનામે અથવા તો શ્રી જીલ્લા રજીસ્ટ્રાર સાહેબશ્રી સહકારી મંડળીઓ, બહુમાળી ભવન, અમરેલીનાં સરનામે ઉકત કચેરીને રજુ કરવા અનુરોધ કરવામાં આવે છે. અન્યથા ઉકત સમય મર્યાદામાં કોઈપણ વાંધા/સુચનો ન રજુ થાય તો આપને કસુ કહેવાનું નથી તેમ માંની આપનું 'ના વાંધા પ્રમાણપત્ર' (એન.ઓ.સી.) મળી ગયા સમાન માની નોંધણીની દરખાસ્ત રજુ કરવામાં આવશે જેની સર્વોએ નોંધ લેવી.

સ્થળ :– અમરેલી
તા.૨૧/૧૦/૨૦૨૪

**સેક્રેટરી**
**શ્રી ટીંબલા પિયત સહકારી મંડળી લી.**

**વાંધા સ્વિકારવાનું સ્થળ:**
(૧) શ્રી પ્રમુખ / મંત્રીશ્રી,
શ્રી ટીંબલા પિયત સહકારી મંડળી લી.
મુ. ટીંબલા, તા.જી. અમરેલી.
(૨) શ્રી જિલ્લા રજિસ્ટ્રાર સાહેબશ્રી, સહકારી મંડળીઓ, બ્લોક – સી, ત્રીજો માળ,
બહુમાળી ભવન, અમરેલી.


## લીલીયા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૧૯૮ | ૧૫૭૫ |
| ૨ | કપાસ સી ગ્રેડ | ૪૬૦ | ૫૭૦ |

## ખાંભા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૮૬ | ૧૫૦૪ |
| ૨ | મગફળી | ૭૫૦ | ૭૫૦ |
| ૩ | તલ | ૨૧૦૦ | ૨૧૦૦ |
| ૪ | સોયાબી | ૬૫૦ | ૬૫૦ |
| ૫ | અડદ | ૧૧૦૦ | ૧૧૦૦ |
| ૬ | ધાણા | ૧૦૫૦ | ૧૦૫૦ |

## બગસરા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૦૦ | ૧૬૦૦ |
| ૨ | ઘઉં લોકવન | ૫૦૧ | ૫૯૪ |
| ૩ | ઘઉં ટુકડા | ૫૫૧ | ૬૦૦ |
| ૪ | અજમા | ૧૫૫૫ | ૧૫૫૫ |
| ૫ | ચણા | ૧૧૧૫ | ૧૩૦૨ |
| ૬ | મેથી | ૯૨૦ | ૯૨૦ |
| ૭ | અડદ | ૧૦૦૧ | ૧૩૫૫ |
| ૮ | ધાણા | ૧૩૦૦ | ૧૩૦૦ |
| ૯ | સોયાબીન | ૬૨૫ | ૭૭૮ |
| ૧૦ | બાજરો | ૪૨૩ | ૪૨૩ |
| ૧૧ | મગફળી | ૫૦૦ | ૮૫૦ |
| ૧૨ | શીંગદાણા | ૧૧૩૫ | ૧૨૦૦ |
| ૧૩ | તલ સફેદ | ૧૪૨૫ | ૧૫૦૦ |
| ૧૪ | તુવેર | ૧૨૫૦ | ૧૫૦૦ |
| ૧૫ | જુવાર | ૭૨૬ | ૭૨૬ |


## સંકુલ દિવાળી વેકેશન – નવા પ્રવેશ ચાલુ

★ KG થી ધો. 5 બન્ને મિડીયમ ગર્લ્સ – બોયઝ સ્કૂલ
★ ધો. ૬ થી ૧૨ આર્ટસ – કોમર્સ – સાયંસ બન્ને મિડીયમ ગર્લ્સ સ્કૂલ
★ BA - B.Com - B.Sc. - BBA - BCA - MA - M.Com.-M.Sc.
★ MBA - MCA - B.Pharm - B.Ed. - PG DMLT ગર્લ્સ કોલેજ
★ ધો. ૬ થી ૧૨ કોમર્સ ગુજરાતી મિડીયમ કુમાર શાળા – સેપરેટ કમ્પાઉન્ડ
★ ધો. ૬ થી PG ગર્લ્સ હોસ્ટેલ – No બોયઝ હોસ્ટેલ ઈન કેમ્પસ

**શ્રી અમરેલી જિલ્લા લેઉવા પટેલ ચેરીટેબલ ટ્રસ્ટ સુરત(અમરેલી)**
સ્થળ:–શ્રીમતી શાંતાબેન હરિભાઈ ગજેરા શૈક્ષણિક સંકુલ(ગર્લ્સ),ચક્કરગઢ રોડ અમરેલી -Ad 066



## જાહેર નોટિસ

**// તાલુકા એકિઝકયુટિવ મેજીસ્ટ્રેટ લીલીયાની કોર્ટમાં //**

જન્મ નોંધ અરજી ર.જી.નં.૬૭/૨૦૨૪

**અરજદારશ્રી :** (૧) શ્રી ભાયાભાઈ રામભાઈ પરમાર
રે. શેઢાવદર, તા.લીલીયા, જિ. અમરેલી
(૨) અરજદારના **વકિલશ્રી કિશોરભાઈ એમ.પાઠક**
ઠે."મનુસ્મૃતિ" કિકાણી પ્લોટ, ઉમિયામંદિર રોડ, લીલીયા મોટા,
મો.૯૪૨૭૪ ૨૯૫૯૦

**// વિરૂધ્ધ //**

**સામાવાળા :** તલાટી કમ મંત્રી –વ– જન્મ મરણ રજિસ્ટ્રારશ્રી, ગ્રામ પંચાયત કચેરી, શેઢાવદર, તા.લીલીયા, જિ.અમરેલી.

આથી લાગતા વળગતા ઈસમોને જણાવવાનું કે, અમરેલી જિલ્લાનાં લીલીયા તાલુકાના શેઢાવદર ગામના **રહીશ શ્રી ભાયાભાઈ રામભાઈ પરમાર**એ તેમના **પુત્રશ્રી બાલાભાઈ ભાયાભાઈ પરમાર**નો જન્મ શેઢાવદર મુકામે **તા.૧૭/૧૧/૧૯૮૯ના રોજ** થયેલ છે. જેની જન્મ નોંધણી કરી આપવા માંગણી બદલ સામાવાળાએ જન્મ નોંધ અપ્રાપ્ય હોવાનો દાખલો કાઢી આપી જણાવેલ છે કે, અરજદારશ્રી ભાયાભાઈ રામભાઈ પરમારના પુત્રના જન્મની નોંધ જન્મ રજીસ્ટર સને–૧૯૮૯ માં થયેલ નથી. હાલ સરકારી કચેરી કામે જરૂરીયાત ઉભી થતા, જે નામ જન્મ રજીસ્ટરે નોંધ કરાવવા અરજદારશ્રીએ તેમના વકીલ શ્રી મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો તેમણે જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં હાજર રહેવા **મુદત તા. ૦૫/૧૧/૨૦૨૪** ના રોજ સવારના ૧૬:૦૦ કલાકે રાખેલ છે. તો વાંધો તકરાર સાથે હાજર રહેવું અન્યથા યોગ્ય તે હુકમ કરવામાં આવશે.

આજ તા. ૨૧/૧૦/૨૦૨૪ ના રોજ મારી સહી તથા સિક્કો કરીને આપ્યા.

**તાલુકા એકિઝકયુટીવ મેજિસ્ટ્રેટ**
**લીલીયા**


## ધારી માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | કપાસ | ૧૦૧૫ | ૧૫૦૨ |
| ૨ | મગફળી | ૭૭૫ | ૯૭૧ |
| ૩ | ઘઉં | ૫૨૫ | ૫૨૫ |
| ૪ | ચણા | ૧૦૦૦ | ૧૦૦૦ |
| ૫ | અડદ | ૯૧૦ | ૧૩૦૦ |
| ૬ | તલ | ૧૫૦૦ | ૧૫૦૦ |
| ૭ | મગ | ૮૦૦ | ૧૦૧૦ |
| ૮ | સોયાબીન | ૬૧૧ | ૮૦૩ |
| ૯ | એરંડા | ૧૧૫૦ | ૧૧૫૦ |

## રાજુલા માર્કેટયાર્ડનાં ભાવ

| ક્રમ | વસ્તુનું નામ | નીચો ભાવ | ઉંચો ભાવ |
|---|---|---|---|
| ૧ | શીંગ | ૬૦૧ | ૮૯૧ |
| ૨ | તલ સફેદ | ૧૮૫૧ | ૧૯૦૧ |
| ૩ | કપાસ | ૧૦૫૦ | ૧૫૫૦ |
| ૪ | બાજરો | ૪૩૫ | ૫૧૨ |
| ૫ | ઘઉં ટુકડા | ૪૭૧ | ૬૩૬ |
| ૬ | જુવાર | ૪૬૫ | ૭૯૦ |
| ૭ | મગ | ૧૧૯૬ | ૧૧૯૬ |
| ૮ | અડદ | ૭૦૧ | ૧૬૫૦ |
| ૯ | ચોળી | ૭૦૨ | ૭૦૨ |
| ૧૦ | સોયાબીન | ૬૦૮ | ૭૫૫ |




## એક સમયે મીલી મીટર, બાદમાં ઈંચ અને હવે એ છોડો મીટરનાં માપમાં વરસાદ પડયો


# કુંકાવાવ-વડિયામાં દોઢ, બગસરામાં સવા, બાબરા, ખાંભામાં ૧-૧ મીટર વરસાદ

**અમરેલીમાં ૩૬, લીલીયામાં ૩૩, રાજુલામાં ૩૨, ધારીમાં ૨૬, સાવરકુંડલામાં ૨૭, જાફરાબાદમાં ૨૩ અને લાઠીમાં ૨૯ ઈંચ વરસાદ**

**આસો માસમાં અષાઢી માહોલ સાથે સતત વરસાદ પડવાથી તમામ ચેકડેમો, તળાવો અને જળાશયો છલોછલ**

**દિવાળીનાં તહેવારો નજીકમાં હોવા છતાં મેઘરાજા વિદાય લેતા ન હોવાથી યજમાન પરેશાન**

**હવામાન શાસ્ત્રી દ્વારા હજુ પણ વરસાદ પડવાની આગાહી કરવામાં આવતા સૌ ચિંતિત**



અમરેલી, તા. ૨૧

અમરેલીજિલ્લામાંસામાન્ય રીતે દરેક ચોમાસામાં પડતા વરસાનાં આંકવહીવટીતંત્ર ધ્વારા મીમીમાં જાહેર કરવામાં આવતાં હોય છે. પરંતુ આ વર્ષે મીલી મીટર બાદમાં ઈંચ અને હવે તો મીટરમાં નોંધવા પડે તેટલી હદે વરસાદ પડી રહ્યો છે.

અમરેલી જિલ્લામાં આસો માસમાં અષાઢી માહોલ ઉભો થાય છે. વીજળીનાં કડાકા-ભડાકા સાથે ગણતરીની મિનિટોમાં જ ૨૫ થી લઈને ૭૫ મી.મી. જેટલો વરસાદ પડી જતો હોય ખેતીપાકો, માર્ગોને વ્યાપક પ્રમાણમાં નુકસાન થઈ રહ્યું છે.

અમરેલી જિલ્લામાં વડિયા-કુંકાવાવ પંથકમાં ૧૪૭૪ મી.મી. એટલે કે ૫૯ ઈંચ અને એટલે કે દોઢ મીટર, બાબરામાં ૯૮૫ મી.મી. એટલે ૪૦ ઈંચ એટલે એક મીટર, ખાંભામાં૯૩૬ મી.મી. એટલે કે ૩૯ ઈંચ એટલે એક મીટર તો બગસરામાં ૧૨૦૦ મી.મી. એટલે કે ૪૮ ઈંચ એટલે સવા મીટર જેટલો વરસાદ નોંધાયો છે.

અમરેલી પંથકમાં ૩૬, લીલીયામાં ૩૩, રાજુલામાં ૩૨, ધારીમાં ૨૬, સાવરકુંડલામાં ૨૭, જાફરાબાદમાં ૨૩ અને લાઠીમાં ૨૪ ઈંચ વરસાદ નોંધાયો છે.







## ગેરકાયદેસર રીતે પ્રોહીબીશન પ્રવૃત્તિ કરતા હોય

## અમરેલીનાં નદીમભાઈ બેલીમ ૬ માસ માટે હદપાર કરી દેવાયા

### એસડીએમનાં હુકમનાં આધારે કાર્યવાહી

અમરેલી, તા. ૨૧

અમરેલીસીટીપોલીસટીમ દ્વારા અમરેલી શહેર વિસ્તારમાં અવાર-નવાર ગેરકાયદેસરપ્રોહીપ્રવૃત્તિ આચરતા જે અગાઉ ગુન્હાઓમાં સંડોવાયેલ હોય તેવા ઈસમને અમરેલી જિલ્લાની હદ વિસ્તારમાંથીહદપાર કરાવવાની ધોરણસરની કાર્યવાહી કરવામાં આવેલ. જે અન્વયે અમરેલી સબ ડિવિઝનલ મેજિસ્ટ્રેટ દ્વારા નદીમભાઈ ગફારભાઈ બેલીમ, (રહે. અમરેલી, મોટા કસ્બાવાડ, ખત્રીવાડ, જૈન દેરાસર પાસે) ને અમરેલી જિલ્લામાંથી છ માસની મુદત માટે હદપાર કરવા હુકમ કરતા મજકુર




ઈસમને અમરેલી જિલ્લાની હદ વિસ્તારમાંથી હદપાર કરવામાં આવેલછે.













*પીઆરબી એક્ટ હેઠળ સમાચાર સંપાદન માટે જવાબદાર Publisher, Owner & Editor : *Manoj H. Rupareliya, Printed at Aajkaal Pri. Press,Rajputpara B/h Shell petrol Pump, Rajkot, Place of Publication Amreli Express, Under Hariom guest house, AMRELL.(Gujarat)